RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 03-09-2026 I VOL : 12 I Issue : 169 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


સુવિચાર

જે બદલાય છે તે જ ટકી રહે છે. તમારી મહેનત તમારી ઓળખ છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3  ધોળકાના ભેટાવાડામાં કેમિકલયુક્ત ઝેરી પાણી સામે ગ્રામજનોનો આક્રોશ...


4  સાતમ : શ્રદ્ધા, સંસ્કૃતિ અને શ્રીકૃષ્ણના આગમનની આત્મીય...

6  મંદાના કરીમીએ ભારત છોડ્યા બાદ પણ સાયબર બુલિંગ અંગે કર્યો...

7  આકિબ નબી ન્યૂઝીલેન્ડ પ્રવાસ પહેલા સરેથી કાઉન્ટી રમશે

## એક નજર...

### બ્લેક મોનોકિની પહેલી પૂલમાં ઉતરી પૂનમ પાંડે



પૂનમ પાંડે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તાજેતરમાં તેમણે Instagram પર પોતાની ગ્લેમરસ તસવીરો શેર કરી છે. શેર કરાયેલી તસવીરોમાં પૂનમ પાંડે બ્લેક મોનોકિનીમાં નજર આવી રહી છે. તેઓ પોતાનો કર્વી ફિગર પણ ફ્લોન્ટ કરતી દેખાઈ રહી છે. એક્ટ્રેસ તસવીરોમાં ખૂબ જ કોન્ફિડન્ટ અંદાજમાં નજર આવી હતી.

## NEWS TRACK

### ઈતિહાસમાં પહેલીવાર ભારત આવી રહ્યા છે જાપાની ફાઈટર જેટ્સ, Su-30MKI સાથે વધારશે ચીનની ચિંતા

જાપાની વાયુસેનાના F-2 ફાઈટર જેટ્સ પહેલીવાર ભારતીય ધરતી પર આવી રહ્યા છે. આ લડાયક વિમાનો ભારતીય વાયુસેનાના સુખોઈ Su-30MKI ફાઈટર જેટ્સ સાથે જોધપુરમાં સંયુક્ત ઉડાન ભરશે. આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને જાપાન વચ્ચે સૈન્ય સંબંધોને વધુ મજબૂત કરવાનો છે. બંને દેશો એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ચીનના આક્રમક વલણનો સામનો કરી રહ્યા છે. ટોક્યો દ્વારા કરવામાં આવેલી અધિકૃત જાહેરાત અનુસાર, જાપાન એર સેલ્ફ-ડિફેન્સ ફોર્સ (JASDF) પહેલીવાર પોતાના લડાયક વિમાનોની ટુકડી ભારત મોકલી રહી છે. આ ટુકડીમાં 3 F-2 ફાઈટર જેટ અને 110 સૈનિકો સામેલ છે. આ વિમાનો દક્ષિણ-પશ્ચિમ જાપાનના ફુકુઓકા સ્થિત સુઈકી એરબેઝથી ઉડાન ભરીને ઓકિનાવા અને થાઈલેન્ડ થઈને જોધપુર પહોંચશે. આ લાંબી મુસાફરી દરમિયાન અમેરિકી વાયુસેનાના એરિયલ રિફ્યુઅલર (હવામાં બળતણ ભરતા વિમાનો) દ્વારા તેમાં ફ્યુઅલ ભરવામાં આવશે.

### ભયાનક પૂર બાદ નેપાળનો મોટો દાવો, 3 દેશોને કહ્યું- 'દાન નહીં, વળતર આપો'; આંતરરાષ્ટ્રીય મંચે ઉઠાવશે મુદ્દો

નેપાળે તાજેતરમાં અચાનક આવેલા પૂરથી થયેલી તબાહી માટે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતા દેશો પાસેથી ક્લાઈમેટ ચેન્જ સંબંધિત વળતર મેળવવા માટે રાજદ્વારી પ્રયાસો શરૂ કર્યા છે. નેપાળનું કહેવું છે કે આપત્તિ પછી આપવામાં આવતી સહાયને નૈતિક જવાબદારી ગણવી જોઈએ, દાન નહીં. વિદેશ મંત્રી શિશિર ખનાલે જણાવ્યું હતું કે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ નહિવત હિસ્સો હોવા છતાં, નેપાળ ગ્લોબલ વોર્મિંગના ગંભીર પરિણામો ભોગવી રહ્યું છે, જેમાં ઝડપથી પીગળતા ગ્લેશિયર્સ અને પહાડોમાં સર્જાતી ભયંકર આપત્તિઓનો પણ સમાવેશ થાય છે. એક સ્થાનિક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં વિદેશ મંત્રીએ કહ્યું હતું કે, 'અમે એવી વૈશ્વિક કટોકટીની ભારે કિંમત ચૂકવી રહ્યા છીએ જે અમે પોતે ઊભી કરી નથી. ગ્લેશિયર્સનું ઝડપથી પીગળવું અને પહાડોમાં આવતી આ વિનાશક આફતો વૈશ્વિક ક્લાઈમેટ ચેન્જનું સીધું પરિણામ છે.' કાઠમંડુ પોસ્ટ અખબારમાં તેમના ઈન્ટરવ્યુનો કેટલાક અંશ પ્રકાશિત થયા હતા.

# મોદી સરકારમાં ઉથલપાથલના સંકેત

## ગડકરીનું ખાતું બદલાય એવી ચર્ચા, 17 નવા ચહેરાને મળશે ચાન્સ

નવી દિલ્હી



ભાજપ સંગઠનની નવી ટીમના ગઠન બાદ હવે મોદી સરકારના કેબિનેટ વિસ્તાર અને ફેરબદલ અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા ઘેરી બની છે. 2027ની આગામી વિધાનસભા ચૂંટણીઓ જેમ કે (ઉત્તર પ્રદેશ, પંજાબ, ગોવા) અને 2029ની લોકસભા ચૂંટણીના રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને મંત્રીમંડળમાં મોટા પાયે ઓવરહોલિંગ થઈ શકે છે. આ ફેરબદલમાં 16થી 17 નવા અને યુવા ચહેરાઓને સ્થાન મળી શકે છે. જ્યારે નબળું પ્રદર્શન કરનારા કેટલાક સીનિયર મંત્રીઓની રજા થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરની કેબિનેટ બેઠકમાં મંત્રીઓના ગ્રાઉન્ડ કનેક્ટ અને પરફોર્મન્સ પર ખાસ ભાર મૂક્યો હતો. અશ્વિની વૈષ્ણવનું પ્રમોશન અને નીતિન ગડકરીના મંત્રાલયમાં ફેરફાર અટકળો અનુસાર, વર્તમાન રેલ્વે, માહિતી અને પ્રસારણ તેમજ આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવની શાનદાર કામગીરીને કારણે તેમને પ્રમોશન આપીને કેબિનેટના ટોપ 5 મંત્રીઓમાં સામેલ કરવામાં આવી શકે છે. બીજી તરફ, રોડ ટ્રાન્સપોર્ટ મંત્રી નીતિન ગડકરીના મંત્રાલયમાં ફેરબદલની શક્યતાઓ સેવાઈ રહી છે. E-20 ઈંધણ અને અન્ય વિવાદો વચ્ચે તેમના મંત્રાલયનો બોજ ઓછો કરીને નવો વિભાગ સોંપવામાં આવી શકે છે. કેબિનેટ વિસ્તારમાં કેટલાક એવા મંત્રીઓના નામ પણ બાદ થઈ શકે છે જેની કોઈને કલ્પના પણ નહીં હોય.

## રામ મંદિર ટ્રસ્ટના CEO તરીકે નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાની નિમણૂક

નવી દિલ્હી

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ માટે નવા ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર(CEO)ની જાહેરાત કરી દેવાઈ છે. નવા CEO તરીકે નિવૃત્ત એર માર્શલ જિતેન્દ્ર મિશ્રાના નામ પર અંતિમ મહોર લાગી ગઈ છે અને તેઓ ટૂંક સમયમાં મંદિર વહીવટની મુખ્ય જવાબદારીઓ સંભાળશે. ટ્રસ્ટમાં 3 નવા સભ્યોનો સમાવેશ અયોધ્યામાં રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા CEOની સત્તાવાર જાહેરાત પહેલાં ટ્રસ્ટમાં 3 નવા સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. આ નવા સભ્યોમાં અયોધ્યાથી મદન મોહન પાંડે, દિલ્હીથી મહેશ ભાગચંદકાઅને શિકોહાબાદથી નિર્મલા યાદવનો સમાવેશ થાય છે. ચંપત રાયઅને અનિલ મિશ્રાના રાજીનામા તેમજ વિમલેન્દ્ર મોહનના નિધન બાદ ટ્રસ્ટમાં 3



પદો ખાલી પડ્યા હતા. નવા બનેલા ટ્રસ્ટીઓ પૈકી મહેશ ભાગચંદકા અશોક સિંઘલના સંબંધી છે, જ્યારે મદન મોહન પાંડે હાઈકોર્ટમાં મંદિર પક્ષ તરફથી વકીલ રહી ચૂક્યા છે. આ ત્રણેય નવા સભ્યો ટ્રસ્ટની બેઠકમાં ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા.

## 'ભાજપમાં મને સાઇડ લાઇન કરી દેવાયો...', પૂર્વ કેન્દ્રીય મંત્રીનું દર્દ છલકાયું

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી(BJP)ના પૂર્વ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોરે પાર્ટીની અંદર થઈ રહેલી પોતાની ઉપેક્ષાને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો છે કે, 'ભાજપની અંદર કેટલાક લોકો મને સાઇડ લાઇન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પાર્ટીના અનેક કાર્યક્રમો અને સરકારી ઈવેન્ટ્સમાં પણ મને આમંત્રણ આપવામાં આવતું નથી કે કોઈ સૂચના સુદ્ધાં નથી અપાતી. છતાં પણ હું આ ઉપેક્ષાથી વિચલિત નથી થયો. હું જમીન સાથે જોડાયેલા નેતા છું અને જીવનમાં 15 ચૂંટણીઓમાંથી 12 હાર્યો હોવા છતાં આવી ઉપેક્ષા કે હારથી ડરતો નથી.' 'હું ભાજપથી નારાજ નથી પણ ઉપેક્ષા પાછળનું કારણ જાણવા માગું છું' કૌશલ કિશોરે સ્પષ્ટ કર્યું છે કે, 'હું પાર્ટીથી નારાજ નથી અને તેની વિચારધારા સાથે આજે પણ મજબૂતીથી ઊભો છું. પરંતુ હું એ જાણવા માગું છું કે પાર્ટી મારા વિશે શું વિચારે છે. જો જનતા અને કાર્યકરોની સમસ્યાઓ ઉજાગર કરવી એ ખોટું કામ હોય, તો સાચું શું છે તે મને સમજાતું નથી. હું કોઈ પદ પાછળ દોડી રહ્યો નથી, પરંતુ જ્યારે વિચારધારાથી ભટકી જાય ત્યારે બોલવું જરૂરી બની જાય છે.' પૂર્વ કેન્દ્રીય મંત્રીએ અધિકારીઓની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. તેમણે જણાવ્યું કે, 'પાર્ટીના બૂથ અધ્યક્ષ અને અન્ય પદાધિકારીઓ જ્યારે જનતાની વ્યાજબી સમસ્યાઓ લઈને પોલીસ સ્ટેશન જાય છે, ત્યારે તેમની સુનવાઈ થતી નથી. જ્યારે જનપ્રતિનિધિઓ કે કાર્યકરોની વાત સાંભળવામાં ન આવે ત્યારે તેમનું મનોબળ તૂટે છે.

## બસ અને બલ્કર સામસામે ધડાકાભેર અથડાયા, 12ના મોત

રીવા

મધ્યપ્રદેશના રીવા જિલ્લામાં નેશનલ હાઈવે નંબર 39 પર એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટના બદબાર સ્ટેન્ડ નજીક બની હતી, જ્યાં સીધી તરફથી આવી રહેલી પવન એક્સપ્રેસ બસ અને રીવા તરફથી આવી રહેલા બલ્કર ટ્રક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ભીષણ અકસ્માતમાં પ્રાથમિક અહેવાલો મુજબ આશરે 12 લોકોના મોતની આશંકા છે, જોકે આ અંગે હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. ટક્કર એટલી પ્રચંડ હતી કે બસના કુરચેકુરચા ઊડી ગયા હતા. અને ઘટનાસ્થળે ભયંકર ચીસાચીસ મચી ગઈ હતી.

## 'હિન્દી' માટે ઉહાપોહ કરતાં ભાજપનો દંભ, મહારાષ્ટ્રમાં 50 વર્ષ જૂનો નિયમ ફગાવી દીધો

### સરકારે સ્પષ્ટતા કરી કે રાજ્યમાં વહીવટી કામકાજ મરાઠીમાં, જ્યારે અન્ય રાજ્યો સાથે અંગ્રેજીમાં પત્રવ્યવહાર થાય છે

મુંબઈ

મહારાષ્ટ્રમાં ઓટો અને ટેક્સી ડ્રાઈવરો માટે મરાઠી ભાષા ફરજિયાત કરવાના વિવાદ વચ્ચે રાજ્ય સરકારે હિન્દી ભાષાને લઈને એક મોટો નિર્ણય લીધો છે. સરકારે પોતાના અધિકારીઓ અને કર્મચારીઓ માટે યોજાતી હિન્દી ભાષાની પરીક્ષા રદ કરી દીધી છે. આ સાથે જ 50 વર્ષ જૂનો એ નિયમ પણ બંધ થઈ ગયો છે, જેમાં અમુક સરકારી કર્મચારીઓ માટે હિન્દી પરીક્ષા પાસ કરવી જરૂરી હતી. નોંધનીય છે કે, ગયા અઠવાડિયે જ ફડણવીસ સરકારે ડ્રાઈવરોને મરાઠી ભાષા શીખવા માટે એક વર્ષનો સમય આપીને વિવાદ શાંત પાડ્યો હતો. શું રાજકીય દબાણમાં લેવાયો નિર્ણય? મહારાષ્ટ્ર સરકારના આ નિર્ણય બાદ હવે અધિકારીઓ અને કર્મચારીઓને નોકરીમાં પગાર વધારો કે પ્રમોશન મેળવવા માટે હિન્દી ભાષાની પરીક્ષા પાસ કરવાની જરૂર રહેશે નહીં. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે સરકારે આ નિર્ણય કેમ લેવો પડ્યો? આ સમગ્ર મામલો જૂન 2026માં સામે આવ્યો હતો, જ્યારે ભાષા સંચાલનાલય દ્વારા સરકારી કર્મચારીઓ માટે 28 જૂનના રોજ હિન્દી ભાષાની પરીક્ષા યોજવાની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત થતાં જ મહારાષ્ટ્રના વિવિધ રાજકીય પક્ષો અને મરાઠી ભાષા સાથે જોડાયેલા સંગઠનોએ તેનો ભારે વિરોધ શરૂ કર્યો હતો.

# ગાંધીનગરના સરકારી ગલિયારા અને IKDRCમાં મોટો ધમાકો

## ડાયાલિસિસ પ્રોગ્રામને બાનમાં લેવાનુંષડયંત્ર? દર્દીઓ અને ટેકનિશિયનોનું શોષણ કરતા સત્તાધીશો!

પાક્કો ગુજરાત

ગુજરાત સરકાર દ્વારા ગરીબ દર્દીઓને ઘરઆંગણે ડાયાલિસિસની મફત સુવિધા મળી રહે તે માટે 'ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ' (GDP) શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ લાખો દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થયો હતો. પરંતુ IKDRC (ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર)ના વડા ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમની વિવાદાસ્પદ નીતિઓને કારણે આજે આ સમગ્ર પ્રોગ્રામ પડી ભાંગવાના આરે પહોંચ્યો છે.

જે સંસ્થાનું કામ દર્દીઓને નવજીવન આપવાનું છે, ત્યાં જ અહંકાર, વહીવટી મનમાની અને આઉટસોર્સિંગના નામે કરોડો રૂપિયાના ખાનગીકરણના ખેલ ખેલાઈ રહ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

### ડૉ. પ્રાંજલ મોદીની વિવાદાસ્પદ વિચારધારા: દર્દીઓ ક્યાં જાય?

IKDRCના સત્તાધીશોની વિચારધારા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડૉ. પ્રાંજલ મોદીનું માનવું છે કે ઘરઆંગણે સરળતાથી ડાયાલિસિસ મળવાથી દર્દીઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ (Transplant) કરાવવાનું વિચારતા નથી અને તેનાથી ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ નબળો પડે છે. એટલું જ નહીં, 'ડાયાલિસિસ કરાવતો દર્દી ૨-૩ વર્ષમાં તકલીફો સહન કરીને મૃત્યુ જ પામે છે' તેવી નકારાત્મક માનસિકતા સાથે આખા વિભાગ અને પ્રોગ્રામને નબળો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. યુરોલોજિસ્ટ હોવાના નાતે નેફ્રોલોજી વિભાગ અને ડાયાલિસિસ સેક્શન હંમેશા દબાયેલો રહે તેવી વિચારધારાથી દર્દીઓનું ભાવિ જોખમમાં મુકાયું છે.

### ઘાતક મનમાની અને આઉટસોર્સિંગનું કૌભાંડ: સરકાર પર 24% આર્થિક બોજ!

ડાયાલિસિસ પ્રોગ્રામના સફળ સંચાલનને ખોરવી નાખવા માટે એક પછી એક વિવાદાસ્પદ નિર્ણયો લેવામાં આવ્યા છે:

સિનીયર ટેકનિશિયનોનું શોષણ: છેલ્લા ૧૦-૧૦ વર્ષથી રાત-દિવસ સેવા આપતા, અનુભવી અને ૨૪ કલાક ટેકનિકલ સમસ્યાઓ ઉકેલતા સીનિયર ટેકનિશિયનોને વિવાદોમાં ફસાવીને કાઢી મૂકાયા છે. નવા આઉટસોર્સિંગ ટેન્ડરના નામે સીનિયર કર્મચારીઓના પગારમાં તગડો ઘટાડો કરવામાં આવ્યો છે.

સરકારી નાણાંનો વ્યય: આઉટસોર્સિંગના નામે સરકાર પર ૨૪% વધારાનો આર્થિક બોજ લાદવામાં આવ્યો છે. જે કન્ઝ્યુમેબલ્સ (સાધન-સામગ્રી) પહેલાં IKDRC દ્વારા સમયસર પહોંચતા હતા, તેની જવાબદારી GMSCLને આપી દેતાં હવે અનિયમિતતા સર્જાઈ છે.

## 'પાક્કો ગુજરાત'નો ગ્રાઉન્ડ રિપોર્ટ — આરોગ્ય ક્ષેત્રે 'આઉટસોર્સિંગ' અને અહંકારનો બોલબાલા, કરોડોનું સરકારને નુકસાન!

મફત મળતા મશીનો હવે સરકારી ખર્ચે ખરીદાશે: 'Fairfax India Charitable Foundation' જેવી સંસ્થાએ અત્યાર સુધી ૨૦૦થી વધુ ડાયાલિસિસ મશીનો મફતમાં આપ્યા હતા. પરંતુ આ ફાઉન્ડેશનનો સંપર્ક કરવાનો બંધ કરી દેવાયો છે અને હવે સત્તાધીશો સરકારી પૈસે કરોડોના નવા મશીનો ખરીદીને ખાનગી લાભ ખાટવાની પેરવી કરી રહ્યા છે!

મેન્ટેનન્સના નામે કમાણી: પહેલાં GDPના ઈનહાઉસ કર્મચારીઓ જાતે જ R.O. Plant અને ડાયાલિસિસ મશીનનું રિપેરિંગ કરી સરકારના કરોડો રૂપિયા બચાવતા હતા. હવે આ નિભાવકરાર (A.M.C.) પણ આઉટસોર્સ કરીને કમાણી કરવાનો ખેલ રચાયો છે.

### દર્દીઓની સુરક્ષા સાથે ખુલ્લેઆમ ખિલવાડ

માત્ર વહીવટી જ નહીં, પણ દર્દીઓની આરોગ્ય વિષયક સુરક્ષા સાથે પણ મોટા પાયે સમજૂતી થઈ રહી છે:

ડિસઈન્ફેક્શન બંધ: પહેલાં RO પ્લાન્ટથી મશીન સુધી જતી પાઈપોનું નિયમિત ડિસઈન્ફેક્ટન્ટથી ક્લીનિંગ થતું હતું જેથી દર્દીને બેક્ટેરિયા કે ઈન્ફેક્શન ના લાગે. હેડ ઓફિસ દ્વારા થતું આ મોનિટરિંગ હવે બંધ કરી દેવાયું છે, જે દર્દીઓના જીવ માટે સીધું જોખમ છે.

ક્વોલિટી પ્રોગ્રામ રદ: દર્દીના બ્લડ રિપોર્ટના આધારે દવાની જરૂરિયાત, લોહીના ઈન્જેક્શન કે ડાયલાઈઝર નક્કી કરતો 'Quality Improvement Program' સદંતર બંધ કરી દેવાયો છે.

ટેલીમેડિસીન અને અવેરનેસ બંધ: કરોડોના ખર્ચે શરૂ કરાયેલું ટેલીમેડિસીન નેટવર્ક, જેનાથી અઠવાડિયામાં ૩ વાર નિષ્ણાતો દ્વારા ઓનલાઈન કન્સલ્ટિંગ થતું હતું, તે સત્તાધીશોના અહંકારને કારણે બંધ કરી દેવાયું છે.

### બિન-અનુભવી અધિકારીઓનો ત્રાસ અને ધમકીઓ

આ સમગ્ર પ્રોગ્રામની જવાબદારી ડૉ. વિરેન ત્રિવેદી અને નરેશ પટેલ જેવા અધિકારીઓને સોંપવામાં આવી છે, જેઓ ડાયાલિસિસ ક્ષેત્રે કોઈ ટેકનિકલ અનુભવ ધરાવતા નથી.

જો કોઈ ટેકનિશિયન દર્દીની તકલીફ અંગે રજૂઆત કરે તો નરેશ પટેલ દ્વારા ઉદ્ધત વર્તન કરીને 'અધિક્ષકને જાણ કરો અથવા સેન્ટર બંધ કરી દો / પ્રાઈવેટમાં મોકલી દો' જવાબ આપવામાં આવે છે. જ્યારે ડૉ. વિરેન ત્રિવેદી કર્મચારીઓને 'બીજી નોકરી શોધી લો, મારે આ પ્રોગ્રામ જ બંધ કરી દેવો છે' તેવી ધમકીઓ આપે છે. કોઈ કર્મચારી અવાજ ઉઠાવે તો તેની દૂરના જિલ્લાઓમાં બદલી કરી દેવામાં આવે છે.

### 'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ સરકારને:

શું ગાંધીનગરમાં બેઠેલા આરોગ્ય મંત્રી અને ઉચ્ચ અધિકારીઓ આ કૌભાંડથી અજાણ છે? જે પ્રોગ્રામથી ગુજરાતના હજારો ગરીબ દર્દીઓનું જીવન ચાલતું હતું, તેને આઉટસોર્સિંગ અને અહંકારના બલિદાન ચડાવવા કોણ જવાબદાર છે?

જો આ મનમાની તાત્કાલિક બંધ કરવામાં નહીં આવે અને જૂના અનુભવી કર્મચારીઓને ન્યાય આપવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત' આ અવાજને વિધાનસભા સુધી પહોંચાડશે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# અમિત શાહનો ગુજરાત પ્રવાસ મુલતવી : 3થી 5 સપ્ટેમ્બર દરમિયાન અલગ અલગ કાર્યક્રમો આયોજીત હતા

ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહની 3થી 5 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી ગુજરાત મુલાકાત રદ્દ કરવામાં આવી છે. અમિત શાહના ગુજરાત પ્રવાસ દરમિયાન ગાંધીનગર સહિતના વિસ્તારોમાં વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો યોજાવાના હતા, જે હવે મુલતવી રાખવામાં આવ્યા છે. અમિત શાહ 3 સપ્ટેમ્બરથી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવવાના હતા. પ્રવાસ દરમિયાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સહિત ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવાના કાર્યક્રમો નિર્ધારિત હતા. આ ઉપરાંત રેલવે અને અન્ય વિકાસકાર્યો સાથે સંકળાયેલા કાર્યક્રમોમાં પણ તેઓ ઉપસ્થિત રહેવાના હતા. જોકે, હવે પ્રવાસ રદ્દ થતાં 3થી 5 સપ્ટેમ્બર દરમિયાનના તમામ નિર્ધારિત કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે.

# ચોક બજાર બ્રિજ પર બિલ્ડરની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરાઈ

સુરત

સુરતમાં ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર 48 વર્ષીય બિલ્ડર ફૈઝલ ફટ્ટા પર ઉપરાછાપરી ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. અજાણ્યા આરોપીઓએ બિલ્ડર પર જીવલેણ હુમલો કરી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ફૈઝલ ફટ્ટાને લોહીલુહાણ હાલતમાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સ્મીમેર હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ ફૈઝલ ફટ્ટાને મૃત જાહેર કરતાં બનાવ હત્યામાં પલટાયો હતો. બ્રિજ પર જાહેરમાં થયેલી હત્યાની ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ચોક બજાર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને હત્યાની તપાસ શરૂ કરી હતી. પોલીસે આરોપીઓ સુધી પહોંચવા માટે વિવિધ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# 8 ગુનામાં વોન્ટેડ જૈદ શેખ ઝડપાયો, પોંગા ગેંગની કડી બહાર આવી

અમદાવાદ

અમદાવાદમાં ઘરફોડ ચોરી, વાહનચોરી અને સ્નેચિંગના ગુનાઓમાં પોલીસને લાંબા સમયથી હાથતાળી આપી રહેલો 8 ગુનામાં વોન્ટેડ આરોપી જૈદ શેખ આખરે ઝોન-8 LCBના હાથે ઝડપાઈ ગયો છે. આરોપીની ધરપકડ સાથે મહેમદાબાદ, સાણંદ, સાંતેજ, સોલા અને ઘાટલોડિયા વિસ્તારમાં નોંધાયેલા અનેક ગુનાઓના ભેદ ઉકેલાયા હોવાનું સામે આવ્યું છે.

પોલીસની પૂછપરછમાં જૈદ શેખ ખેડા જિલ્લાની પોંગા ગેંગનો સાગરિત હોવાનું ખુલ્યું છે. ગેંગ દ્વારા દિવસ દરમિયાન ચોરી માટે વિસ્તારોની રેકી કરવામાં આવતી અને રાત્રિ પડતાં જ ચોરીને અંજામ આપવામાં આવતો હતો. આ ગેંગની મોડસ ઓપરેન્ડી સામે આવતા પોલીસ તપાસને મહત્વની કડી મળી છે.

ઝોન-8 LCBએ આરોપીને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. હવે પોલીસ ગેંગના અન્ય સાગરિતો સુધી પહોંચવા તેમજ આરોપીઓએ આ જ મોડસ ઓપરેન્ડીથી વધુ કેટલા ગુનાઓ આચર્યા છે તેની તપાસમાં લાગી છે.

આરોપીની પૂછપરછમાં ચોરીના વધુ ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

# ભુજ સેશન્સ કોર્ટ પરિસરમાં સનસનાટી અને ખૌફ: ખુલ્લી છરી સાથે આતંક મચાવતો શખ્સ ઝડપાયો

કચ્છ

કચ્છના વડામથક ભુજ ખાતે આવેલા ન્યાય મંદિર એટલે કે સેશન્સ કોર્ટ પરિસરમાં આજે તે સમયે ભારે સન્નાટો અને ખૌફનો માહોલ સર્જાયો, જ્યારે એક સનકી શખ્સ હાથમાં ધારદાર ખુલ્લી છરી સાથે આતંક મચાવવા લાગ્યો હતો. કોર્ટ પરિસરમાં જ્યાં ન્યાયની આશાએ સેંકડો લોકો ઉપસ્થિત હતા, ત્યાં અચાનક હાથમાં ખુલ્લંખુલ્લા શસ્ત્ર સાથે ફરતા આરોપીને જોઈને વકીલો, અરજદારો અને કોર્ટના કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. ક્ષણવારમાં તો પરિસરમાં ચીસાચીસ અને ભાગદોડ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જોકે, કોર્ટ પરિસરની સુરક્ષામાં તૈનાત પશ્ચિમ કચ્છ પોલીસના જાંબાઝ જવાનોની તીક્ષ્ણ નજર આ ઘાતક હુમલાખોર પર પડતાં જ વાતાવરણ પલટાઈ ગયું હતું. હુમલાખોર કોઈ મોટી અપ્રિય ઘટનાને અંજામ આપે કે કોઈ નિર્દોષ પર તૂટી પડે તે પહેલાં જ પોલીસ અધિકારીઓ અને જવાનોએ પોતાની જાનની પરવા કર્યા વગર અદ્ભુત હિંમત, સતર્કતા અને સમયસૂચકતા દર્શાવી હતી.

# ખાખીને દાગ લગાડનાર કાળી ભેડ પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલના 10 દિવસના રિમાન્ડ મંજૂર!

ભાવનગર

ભાવનગર પંથકને હચમચાવી મુકનારા ચકચારી અને લોહિયાળ લઠ્ઠાકાંડ મામલે કાયદાના રક્ષક જ ભક્ષક બન્યા હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયા બાદ વહીવટી અને પોલીસ તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ કાળમુખા લઠ્ઠાકાંડના તાર સીધા પોલીસ વિભાગ સાથે જોડાયેલા નીકળતાં ચર્ચામાં આવેલા ખાખીધારી આરોપી પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલને ભારે સુરક્ષા વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટ સમક્ષ પોલીસે રજૂઆત કરી હતી કે લઠ્ઠાકાંડ જેવા ગંભીર અને અતિ સંવેદનશીલ ગુનામાં કાયદાના રક્ષક ગણાતા પોલીસ કોન્સ્ટેબલની સીધી કે આડકતરી સંડોવણી હોવી એ અત્યંત ગંભીર બાબત છે. ઝેરી કેમિકલ અને ગેરકાયદે દારૂના કાળો કારોબાર ચલાવતા બુટલેગરો સાથે આરોપી કોન્સ્ટેબલના કેવા સંબંધો હતા, તેણે આ ગેરકાયદે નેટવર્કને પ્રોત્સાહન કે સંરક્ષણ આપવા માટે કેટલી લાંચ કે આર્થિક લાભ મેળવ્યા હતા.

# CM ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટનો મોટો નિર્ણય: રાહત, રક્ષણ અને રાજ્યના આર્થિક વિકાસની બુલંદ ગતિ!!!

## 'પાક્કો ગુજરાત'નો વિશેષ અહેવાલ – ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પાણી-ઘાસચારાની પૂર્ણ તૈયારીઓ સામે ભારતના 7.8% GDP અને ગુજરાતના 28% GST ગ્રોથનો નવો કીર્તિમાન!

ગાંધીનગર

ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની અત્યંત મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં રાજ્યના નાગરિકો અને ખેડૂતોના હિતમાં મહત્વના નિર્ણયો લેવાની સાથે સાથે દેશ અને રાજ્યના આર્થિક વિકાસના ઉત્સાહજનક આંકડાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

સરકારે એક તરફ પશુપાલકો અને ગ્રામીણ વિસ્તારોની ચિંતા કરીને રાહત કાર્યોનું આયોજન કર્યું છે, તો બીજી તરફ રાજ્યના આર્થિક અને બંદરીય વિકાસનો નવો ઈતિહાસ રચાયો છે.

ઓછા વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં માલધારીઓ અને પશુપાલકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવ્યો છે:

પીવાના પાણીની સુવિધા: અસરગ્રસ્ત ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પીવાના પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે તંત્રને સ્ટેન્ડબાય મોડ પર રાખવામાં આવ્યું છે.

ઘાસચારાની ઉપલબ્ધિ: પશુઓ માટે પૂરતા માં ઘાસચારો મળી રહે તે માટે આગોતરું આયોજન કરી સંગ્રહ અને વિતરણની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.



વૈશ્વિક મંદી અને આર્થિક પડકારો વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપથી આગળ વધી રહ્યું છે:

કેબિનેટ બેઠકમાં નોંધ લેવામાં આવી હતી કે ભારતનો GDP ગ્રોથ રેટ ૭.૮ ટકા નોંધાયો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતનું અર્થતંત્ર વૈશ્વિક આંચકાઓ સામે અડીખમ રહીને મજબૂત ગતિથી આગળ વધી રહ્યું છે.

વિકાસના રોલ મોડેલ એવા ગુજરાતે આર્થિક મોરચે પણ રાજ્યનો ડંકો વગાડ્યો છે:

રાજ્યના GST કલેક્શનમાં ૨૮ ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે.

આ ગ્રોથ દર્શાવે છે કે ગુજરાતમાં વેપાર, ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્રે અભૂતપૂર્વ ઝડપ જોવા મળી રહી છે, જે રાજ્યની આર્થિક સધ્ધરતાની સાક્ષી પૂરે છે.

૪. બંદરો પર કાર્ગો હેન્ડલિંગનો નવો કીર્તિમાન: એક જ બંદરે ૫૦ મિલિયન મેટ્રિક ટન!

ગુજરાતના દરિયાઈ વેપાર (Maritime Sector) ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાયો છે:

રાજ્યના બંદરો પર કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં મોટો ઉછાળો આવ્યો છે.

રાજ્યના એક જ બંદરે ૫૦ મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગો હેન્ડલ કરવાનો ઐતિહાસિક રિકોર્ડ બનાવ્યો છે.

દેશના કુલ કાર્ગોમાંથી મોટો હિસ્સો હેન્ડલ કરીને ગુજરાત દરિયાઈ માર્ગે થતા આંતરરાષ્ટ્રીય વેપારનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.

'પાક્કો ગુજરાત'નો વિશેષ નિષ્કર્ષ:


મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે એક તરફ છેવાડાના માનવી અને પશુપાલકોની ચિંતા કરી છે, તો બીજી તરફ વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે. 'પાક્કો ગુજરાત' સતત રાજ્યના વિકાસ અને જનહિતના સમાચાર આપ સુધી પહોંચાડતું રહેશે!

## નંદેસરી ઔદ્યોગિક વસાહતમાં આગનો ભયાનક તંડાવ

# શબરી પ્રોસેસ ફિલ્ટર્સના ગોડાઉનમાં ફાટી નીકળી આગ

વડોદરા

વડોદરા નજીક આવેલી પ્રખ્યાત નંદેસરી ઔદ્યોગિક વસાહત (GIDC) આજે તે સમયે ભયંકર ચીસાચીસ અને અફરાતફરીથી ધ્રૂજી ઊઠી, જ્યારે ત્યાં આવેલા એક મોટા ગોડાઉનમાં અચાનક વિકરાળ આગ ફાટી નીકળી હતી. નંદેસરી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી 'શબરી પ્રોસેસ ફિલ્ટર્સ' કંપનીના ગોડાઉનમાં આ ભીષણ આગ લાગતાં ક્ષણવારમાં જ કાળમુખા લપકારો લેતી જ્વાળાઓએ આખા ગોડાઉનને પોતાની ચપેટમાં લઈ લીધું હતું. આગ એટલી પ્રચંડ અને ભયાનક હતી કે તેનો કાળો ડિબાંગ અને ઝેરી ધુમાડો આકાશમાં અંદાજે 4



કિલોમીટર દૂર સુધી સ્પષ્ટપણે જોઈ શકાતો હતો. આ ભયાનક દૃશ્ય જોઈને આસપાસની અન્ય કંપનીઓના કર્મચારીઓ અને સ્થાનિક લોકોમાં ભારે દહેશત અને ફફડાટ વ્યાપી ગયો હતો. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં રાખવામાં આવેલી FRC (ફાઈબર રેઈનફોર્સ્ડ પ્લાસ્ટિક) ની સીટોમાં અચાનક આગ પકડાઈ જતાં જોતજોતામાં કરોડોની કિંમતનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો અને આખી જગ્યા ભસ્મીભૂત થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો લાઈવ એક્શન મોડમાં આવી ગયો હતો. ફાયર ફાઈટરોની અનેક ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે ધસી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા માટે પાણીનો ભારે મારો ચલાવીને મહા મુશ્કેલીએ રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ગોડાઉનમાં જ્વલનશીલ સામગ્રી હોવાના કારણે આગને કાબૂમાં લેવામાં ફાયર ફાઈટરોને ભારે જહેમત ઉઠાવવી પડી રહી હતી. સદનસીબે, આ ભયાનક અને કાળમુખી આગની હોનારતમાં અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, જેણે મોટી રાહત આપી છે. સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગની ટીમે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને આગ લાગવાનું સાચું કારણ શું હતું (શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણ) તે અંગે ઊંડાણપૂર્વકની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# સુરત ગ્રાહક કમિશનનો મોટો આદેશ: વીમા કંપનીની તરફેણમાં ચુકાદો, 5 લાખનો ચોરીનો દાવો ફગાવ્યો!

સુરત

સુરતના વેપારી આલમ માટે અને ખાસ કરીને વીમા પોલિસી ધારકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને આંખ ઉઘાડનારો કાનૂની કિસ્સો સામે આવ્યો છે. સુરત ગ્રાહક તકરાર નિવારણ કમિશને (CDRC) એક ચોરીના દાવા મામલે વીમા કંપનીના નિર્ણયને યોગ્ય ઠેરવીને વેપારીનો ૫ લાખનો દાવો ફગાવી દીધો છે. કમિશને સ્પષ્ટ કર્યું છે કે પોલિસીની કાનૂની શરતો મુજબ જ વીમાનું વળતર મળવાપાત્ર રહે છે.

સુરત ક્ષેત્રના ટેક્સટાઈલ વેપારી પ્રકાશ પ્રજાપતિની દુકાનમાં ૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કામકાજના સમયે ચોરીની ઘટના બની હતી. દુકાન ખુલ્લી હતી ત્યારે જ તેમના પોતાના જ કર્મચારી સોમા પટેલે રૂ. ૫ લાખની કિંમતના કાપડ/કપડાંની ચોરી આચરી હતી.

ઘટના બાદ પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરીને રૂ. ૮૨,૯૭૭નો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

બાકી રહેલી મોટી રકમનું નુકસાન ભરપાઈ કરવા માટે વેપારીએ 'SBI જનરલ ઈન્સ્યોરન્સ' સમક્ષ રૂ. ૫ લાખનો ક્લેમ રજૂ કર્યો હતો. પરંતુ વીમા કંપનીએ પોલિસીના નિયમોનું અર્થઘટન કરીને આ દાવો ના મંજૂર (રિજેક્ટ) કરી દીધો હતો.

## ગુજરાત હાઈકોર્ટનો અત્યંત મહત્વનો અને ઐતિહાસિક ચુકાદો

# સ્પા કે કૂટણખાનાના દરોડામાં પકડાયેલા ગ્રાહક સામે કેસ ન થઈ શકે

ગાંધીનગર

સ્પા અને કૂટણખાના પર પાડવામાં આવતા પોલીસ દરોડાને લઈને ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વનો, સનસનાટીભર્યો અને કાયદાકીય દિશા બદલી નાખતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં હુકમ કર્યો છે કે સ્પા કે કૂટણખાના (વેશ્યાગૃહ) પર પોલીસ દરોડા દરમિયાન સ્થળ પરથી માત્ર સેવા લેવા માટે પકડાયેલા ગ્રાહક સામે કાયદાકીય રીતે કેસ ચલાવી શકાય નહીં.

આ ચર્ચિત કેસની વિગતો મુજબ, સુરત ગ્રામ્યના ઓલપાડ પોલીસ મથકની ટીમે ડિસેમ્બર 2025માં એક કૂટણખાના પર દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી એક યુવકની ગ્રાહક તરીકે અટકાયત કરી હતી અને તેની વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી હાથ ધરી ચાર્જશીટ રજૂ કરી હતી. પોલીસની આ બિનકાયદેસર અટકાયત અને કાર્યવાહી સામે ભોગ બનનાર અરજદારે પોતાના એડવોકેટ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં



ક્વોશિંગ પિટિશન (ફરિયાદ રદ કરવાની અરજી) દાખલ કરી હતી.

હાઈકોર્ટમાં અરજદારના એડવોકેટે વડી અદાલતોના વિવિધ અગાઉના ચુકાદાઓ ટાંકીને ધારદાર દલીલો કરી હતી. તેમણે કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે ગ્રાહક એ માત્ર સેવા મેળવનાર (સર્વિસ રિસીવર) વ્યક્તિ છે, જે નાણાં ચૂકવીને સેવા લે છે. તે વેશ્યાવૃત્તિનો અડ્ડો ચલાવનાર, વેશ્યાવૃત્તિ કરાવનાર કે કોઈ દલાલ (એજન્ટ) નથી. તેથી ગ્રાહક સામે કેસ ચલાવવો એ કાયદાકીય રીતે સાવ ગેરકાયદે અને તથ્યવિહીન છે.

ગુજરાત હાઈકોર્ટે કાયદાકીય જોગવાઈઓની ગહન સમીક્ષા કરતાં નોંધ્યું હતું કે ઈમ્મોરલ ટ્રાફિકિંગ (પ્રિવેન્શન) એક્ટ (PITA) અને ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળની માનવ તસ્કરીની કલમો કોઈ પણ સંજોગોમાં ગ્રાહક સામે લાગુ કરી શકાય નહીં. પકડાયેલો ગ્રાહક માત્ર સેવા મેળવવાના બદલામાં પૈસા ચૂકવે છે. તે જગ્યાના માલિકી હક્ક, સંચાલન કે વેશ્યાવૃત્તિના નેટવર્ક સાથે કોઈ પણ રીતે જોડાયેલો હોતો નથી.

## કરોડોની જમીન હડપવાનું ભાણીના પતિનું ષડયંત્ર

# પાટીદાર વૃદ્ધા નેપાળ પ્રવાસે ગયાને અડાલજની જમીનનો સોદો થઈ ગયો

ગાંધીનગર

ગાંધીનગરના અડાલજ ગામની સીમમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી વડિલોપાર્જિત જમીન પચાવી પાડવા માટે ભાણીના પતિએ જ પોતાની માસી સાસુ સાથે મોટું છળકપટ આચર્યાનો કિસ્સો સામે આવ્યો છે. અંજાર ખાતે રહેતા 78 વર્ષીય વૃદ્ધા નેપાળના પ્રવાસે ગયાની તકની લાભ ઉઠાવી માત્ર 51 લાખમાં કરોડોની જમીનનો સોદો કરી બોગસ અને બનાવટી વેચાણ કરાર ઉભો કરી જમીન પચાવી પાડવાનો કારસો રચવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે અડાલજ પોલીસ મથકે મુખ્ય સૂત્રધાર હિતેષ પટેલ અને તેના ત્રણ સાગરીતો સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મૂળ અડાલજના અને હાલ અંજાર ખાતે નિવૃત્ત જીવન ગાળતા 78 વર્ષીય ભગવતીબેન આદરભાઈ પટેલની અડાલજ ગામની સીમમાં સર્વે નંબર 1084 (ક્ષેત્રફળ 3-87 ચો.મી.) તથા સર્વે નંબર 1410 (ક્ષેત્રફળ 0-16-71 ચો.મી.) વાળી વડિલોપાર્જિત જમીન આવેલી છે. આ જમીનમાં વર્ષ 2011માં તેમના ભત્રીજાએ છેતરપિંડી કરી ભગવતીબેનનું નામ કમી કરાવી નાખ્યું હતું. જે અંગે ભગવતીબેને પ્રાંત અધિકારી સમક્ષ અપીલ દાખલ



કરતાં વર્ષ 2017માં પ્રાંત અધિકારીએ ભગવતીબેનનું નામ ફરી જમીનમાં દાખલ કરવાનો હુકમ કર્યો હતો. એ સમયે કેસની તમામ દેખરેખ ભગવતીબેનની ભાણીના પતિ હિતેષ બાલુભાઈ પટેલ (રહે. પ્રાંતિયા) રાખતો હતો. ભગવતીબેને હિતેશ પર અંધ વિશ્વાસ રાખી તે જ્યાં કહે ત્યાં વાંચ્યા વગર સહીઓ કરી આપી હતી. આ દરમિયાન ફેબ્રુઆરી 2024માં ભગવતીબેનને ગાંધીનગર કોર્ટના એડવોકેટ મારફતે એક નોટિસ મળી હતી. જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ જમીન 1 એપ્રિલ 2010ના રોજ રૂ. 51 લાખમાં વેચાણ આપવાનું નક્કી કરી રૂ. 40 લાખ રોકડા મેળવીને નોટરાઈઝ વેચાણ કરાર કરી આપેલ છે.

# વરસાદની અછતથી પાયમાલ ખેડૂતો માટે કોંગ્રેસનું મોરચાબંધી, તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવા અમિત ચાવડાની સણસણતી માગ!

## ગુજરાત કિસાન કોંગ્રેસના અધ્યક્ષ જયેશ પટેલ અને અગ્રણી પાલભાઈ આંબલિયાએ ઉમેર્યું કે, સરકારે 'સૌની યોજના' હેઠળ 107 ડેમ ભરવાની વાતો કરી હતી, પરંતુ આ સંકટ સમયે ખેડૂતોને કશું મળ્યું નથી

ગુજરાતમાં આ વર્ષે ચોમાસાની ભારે ખેંચાણ અને નબળા વરસાદના કારણે રાજ્યનો ખેડૂત, ખેત-મજૂર અને પશુપાલક ભારે પાયમાલીના આરે આવીને ઊભા રહ્યા છે. એક તરફ બિયારણ, ખાતર અને વીજળીના ભાવ વધારાથી ખેતીનો ખર્ચ અસહ્ય બન્યો છે, ત્યારે બીજી તરફ કુદરતી અછતે ખેડૂતોની આર્થિક કમર ભાંગી નાખી છે. આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદ યોજીને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

રાજ્યના ૧૫ જિલ્લાઓ વરસાદની ભારે અછતમાં! ભારતીય હવામાન વિભાગ (IMD)ના તાજેતરના અહેવાલ મુજબ, રાજ્યમાં સામાન્ય કરતાં આશરે ૧૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં સિંચાઈ અને પીવાના પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે:

દેવભૂમિ દ્વારકા: સામાન્ય કરતાં ૮૮ ટકા વરસાદની આઘાતજનક ઘટ!

પોરબંદર: ૭૩ ટકા વરસાદની અછત.

જામનગર અને કચ્છ: ૬૦ ટકા જેટલી વરસાદની ભારે ઘટ. અમિત ચાવડાએ જણાવ્યું કે NCRB ૨૦૨૩ના આંકડા અનુસાર દેશમાં ૧૦,૭૮૬ ખેતી સંકળાયેલા લોકો (૪,૬૯૦ ખેડૂતો અને ૬,૦૯૬ કૃષિ મજૂરો) આત્મહત્યા કરવા મજબૂર બન્યા હતા. ગુજરાતમાં પણ સ્થિતિ દિવસે ને દિવસે વધુ ગંભીર બની રહી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે, "એક બાજુ જગતનો તાત આકાશ સામે જોઈને વરસાદની રાહ જોઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ મુખ્યમંત્રી દિલ્હી અને વિદેશના પ્રવાસોમાં વ્યસ્ત છે તથા નાયબ મુખ્યમંત્રી રીલ્સ બનાવવામાં મસ્ત છે! સરકાર પ્રચાર કરે કે રીલ્સ બનાવે, પણ પહેલાં ખેડૂતના ખેતરે જઈને તેની આંખોમાં રહેલી ચિંતા અને પીડા જુઓ." અસરગ્રસ્ત જિલ્લા અને તાલુકાઓને કાયદા મુજબ તુરંત દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે. ખેડૂતોનું ચાલુ વર્ષનું પાક ધિરાણ અને ફિક્સ વીજબીલ સંપૂર્ણપણે માફ કરાય.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 03 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

**ગાંધીનગરના સરકારી ગલિયારા અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં ધમાકો**

# ધોળકાના ભેટાવાડામાં કેમિકલયુક્ત ઝેરી પાણી સામે ગ્રામજનોનો આક્રોશ, કેન્સરના વિષચક્રથી અનેક જીવ હોમાયા!

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાનું ભેટાવાડા ગામ આજે એક ભયાનક માનવસર્જિત આપત્તિમાંથી પસાર થઈ રહ્યું છે. કારખાનાઓમાંથી છોડાતા કેમિકલયુક્ત ઝેરી પાણીને કારણે ગામના જળસ્ત્રોતો સદંતર દૂષિત થઈ ચૂક્યા છે. કેમિકલવાળા પાણીના કારણે ગામમાં કેન્સર જેવા અસાધ્ય રોગો ઘરોઘર ફેલાઈ રહ્યા છે અને અનેક નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. તેમ છતાં, ગાંધીનગરમાં બેઠેલા જવાબદાર અધિકારીઓ અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના પેટનું પાણી પણ હલતું નથી!




ભેટાવાડા અને આસપાસના વિસ્તારોમાં આવેલી કેમિકલ કંપનીઓ દ્વારા કોઈ પણ જાતના શુદ્ધિકરણ (Effluent Treatment) વગર ખુલ્લામાં કે ગુપ્ત રીતે જમીનમાં ઝેરી કેમિકલયુક્ત પાણી છોડવામાં આવી રહ્યું છે.

કેન્સરનો ભયાનક પંજો: દૂષિત પાણીના વપરાશથી ગામના સીમ-ખેતરો અને ભૂગર્ભ જળ ઝેરી બન્યા છે. પરિણામે અનેક લોકો કેન્સર અને કિલર બીમારીઓનો ભોગ બનીને અકાળે મોતને ભેટ્યા છે.

ખેતી અને પશુધન પાયમાલ: ઝેરી પાણીથી જમીનની ફળદ્રુપતા નષ્ટ થઈ ગઈ છે, પાક બળી રહ્યા છે અને આ પાણી પીવાથી પશુઓ પણ મોતને ભેટી રહ્યા છે.

ગામજનોનો આક્રોશ: પોતાનો અસ્તિત્વનો હક માગવા માટે હવે ભેટાવાડાના લોકોએ આરપારની લડાઈ લડવાનો મોરચો માંડ્યો છે.

સત્તાધીશો અને અધિકારીઓ પર હપ્તાખોરીનો ગંભીર આક્ષેપ

'પાક્કો ગુજરાત'ના તપાસ અહેવાલ મુજબ, આ કાળા કારોબાર પાછળ ગાંધીનગરમાં બેઠેલા ભ્રષ્ટ અધિકારીઓ અને પ્રદૂષણ મુક્ત કરવાનો દાવો કરતી સરકારી એજન્સીઓની મિલીભગત હોવાના આક્ષેપો ઊઠ્યા છે:

પેપર પર કાયદા, ગ્રાઉન્ડ પર કમાણી: કરોડો લોકોના જીવ જોખમમાં મુકાય રહ્યા છે, છતાં કેમિકલ માફિયાઓ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. અધિકારીઓને માત્ર દર મહિને ખાનગીમાં મળતા 'હપ્તા' અને કમિશનમાં જ રસ હોવાના આકરા સવાલો ઊભા થઈ રહ્યા છે.

સરકારની ચૂપકીદી સવાલ ઉભા કરે છે: વારંવાર રજૂઆતો અને આંદોલનો છતાં ગુજરાત સરકારે હજુ સુધી આ ઝેરી કારખાનાઓ સામે કેમ કોઈ કડક પગલાં નથી ભર્યા? શું સામાન્ય જનતાનો જીવ આટલો સસ્તો છે?

'પાક્કો ગુજરાત'નો સીધો ચેલન્જ: જો કાર્યવાહી નહીં થાય તો આંદોલન વકરશે!

ગામજનોએ હવે સ્પષ્ટ શબ્દોમાં સત્તાધીશોને ચેતવણી આપી દીધી છે કે જો ઝેરી પાણી છોડતી ફેક્ટરીઓને તાત્કાલિક સીલ કરવામાં નહીં આવે અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી નહીં થાય, તો ભેટાવાડાથી શરૂ થયેલી આ ક્રાંતિ ગાંધીનગર સુધી પહોંચશે.

'પાક્કો ગુજરાત' સતત ભેટાવાડાના પીડિત ગ્રામજનો સાથે ઊભું રહેશે અને આ કેમિકલ માફિયાઓ તથા ભ્રષ્ટ સત્તાધીશોનો પર્દાફાશ કરતું રહેશે!

## અમરેલીના બહુચર્ચિત 'પાયલ ગોટી લેટરકાંડ'માં મોટો ચુકાદો: માનવ અધિકાર પંચે સરકારને ₹7.5 લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો!

પીડિતાના માનવ અસન્માન અને પોલીસની બેદરકારી સામે NHRCનું આકરું વલણ

અમરેલી

અમરેલીના ચર્ચિત 'પાયલ ગોટી લેટરકાંડ' કેસમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે. માનવ અધિકારોના હનન અને પોલીસ તંત્રની ગંભીર બેદરકારીને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ગુજરાત સરકારને પીડિતા પાયલ ગોટીને રૂ. ૭.૫ લાખનું આર્થિક વળતર ચૂકવવાનો સ્પષ્ટ આદેશ કર્યો છે.

અમરેલીમાં કથિત રીતે એક નકલી અથવા બનાવટી પત્ર (લેટર) વાયરલ થવાના મામલે રાજકીય અને સામાજિક ક્ષેત્રે ભારે ધમાસાણ મચ્યું હતું. આ કેસની તપાસ દરમિયાન પોલીસ દ્વારા પીડિતા પાયલ ગોટી અને તેના પરિવાર સામે કરવામાં આવેલી કાર્યવાહી પર ગંભીર સવાલો ઊભા થયા હતા.

તપાસ દરમિયાન પોલીસ દ્વારા યોગ્ય કાનૂની પ્રક્રિયાનું પાલન કર્યા વિના પીડિતા સાથે ગેરવર્તણૂક કરવામાં આવી હોવાની રજૂઆતો પંચ સમક્ષ કરવામાં આવી હતી.

સમગ્ર કેસની તપાસમાં નિષ્પક્ષતા જાળવવાના બદલે પીડિતાનું માનસિક અને સામાજિક શોષણ થાય તેવું વાતાવરણ ઊભું કરાયું હોવાના આક્ષેપો થયા હતા.


આ સમગ્ર મામલે માનવ અધિકાર પંચ સમક્ષ થયેલી રજૂઆતો અને મોકલવામાં આવેલા અહેવાલોની ગહન સમીક્ષા કર્યા બાદ NHRCએ ચુકાદો આપ્યો છે.

**અંબાજી ભાદરવી પૂનમ મેળો-2026**

## યાત્રાળુઓના સ્વાસ્થ્ય હિતાર્થે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સઘન ચકાસણી ઝુંબેશ

અંબાજી

આગામી ભાદરવી પૂનમ મેળો-૨૦૨૬ દરમિયાન અંબાજી ખાતે મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવનાર હોવાથી યાત્રાળુઓને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર દ્વારા ફૂડ સેફટી વાન મારફતે અંબાજી ખાતે વિવિધ સ્ટ્રીટ ફૂડ વેન્ડરો તથા ખાદ્ય પેઢીઓની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.આ તપાસ દરમિયાન કુલ ૭૨ ખાદ્ય પેઢીઓની તપાસ કરવામાં આવી હતી તેમજ સ્થળ પર કુલ ૮૩ ખાદ્ય સામગ્રીના ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન અખાદ્ય જણાયેલી સામગ્રી સામે તાત્કાલિક કાર્યવાહી કરી સ્થળ પર જ ૭ લીટર બળેલું તેલ, ૩ કિલોગ્રામ પેપર પસ્તી (પેકિંગ/પીરસવા માટે વપરાતી




સામગ્રી) તેમજ સિન્થેટિક કલરની ૨ ડબ્બીઓનો નાશ કરાવવામાં આવ્યો હતો. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તમામ ખાદ્ય વેપારીઓ તથા સ્ટ્રીટ ફૂડ વેન્ડરોને ખાદ્ય સામગ્રીની ગુણવત્તા જાળવવા, સ્વચ્છતા અંગેના નિયમોનું પાલન કરવા તેમજ યાત્રાળુઓને સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી જ પીરસવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.ભાદરવી પૂનમ મેળા દરમિયાન યાત્રાળુઓના આરોગ્ય અને સલામતીને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા તથા ખાદ્ય સલામતીના ધોરણોનું પાલન થાય તે માટે તંત્ર દ્વારા આવી તપાસ અને કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.

## મહેસાણામાં કુખ્યાત ભાવેશ ઝીલીયા હુમલા કેસમાં LCBની મહા-સફળતા: 6 સાગરીતો અટકાયતમાં

મહેસાણા

મહેસાણા પંથક સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભારે સનસનાટી અને ખૌફનો માહોલ સર્જનારા કુખ્યાત ભાવેશ ઝીલીયા પરના ઘાતક અને લોહિયાળ હુમલાના કેસમાં મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને બહુ મોટી અને મહત્વની સફળતા સાંપડી છે. કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડી ખુલ્લેઆમ આતંક મચાવનારા અસામાજિક તત્વોનો સફાયો કરવા માટે એક્શન મોડમાં આવેલી LCB પોલીસે વીજળીવેગી દરોડા પાડીને આ હુમલાકાંડમાં સંડોવાયેલા ૬ જેટલા મુખ્ય સાગરીતોની કડક અટકાયત કરી લીધી છે. આ સફળ કાર્યવાહી સાથે જ પોલીસે આખા પંથકને હચમચાવી મુકનારા આ ષડયંત્ર પરથી પરદો ઉંચકી દીધો છે. LCBની



ઊંડાણપૂર્વકની તપાસમાં અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ભાવેશ ઝીલીયાને નિશાન બનાવીને તેનો કાંટો કાઢી નાખવા માટે આરોપીઓએ અગાઉથી જ કાળજીપૂર્વકનું લોહિયાળ ષડયંત્ર રચ્યું હતું. હુમલાખોરો પોતાની યોજનામાં સહેજ પણ કાચા પડે તેમ નહોતા, જેના માટે તેઓએ ૩ અલગ-અલગ લક્ઝુરિયસ ગાડીઓનો ઉપયોગ કર્યો હતો. આ ૩ ગાડીઓમાં સવાર થઈને આવેલા અંદાજે ૧૧ થી ૧૨ જેટલા સશસ્ત્ર હુમલાખોરોના કાફલાએ ભાવેશ ઝીલીયાની ઘેરાબંધી કરી લીધી હતી.

**સુરતમાં VNSGUની સમરસ હૉસ્ટેલમાં ભારે ધમાકો**

## અનાજના નામે 'અકલ્પનીય બેદરકારી' સામે વિદ્યાર્થિનીઓએ થાળીઓ પછાડી લડત આપી!

અમદાવાદ

દક્ષિણ ગુજરાતની નામાંકિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) કેમ્પસમાં આવેલી સમરસ હૉસ્ટેલમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા દૂર-દૂરના વિસ્તારોમાંથી ભણવા આવેલી દીકરીઓને હલકી ગુણવત્તાનું અને અસ્વાસ્થ્યપ્રદ ભોજન પીરસવામાં આવતાં વિદ્યાર્થિનીઓનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. અન્યાય અને બેદરકારી સામે અવાજ ઉઠાવતા વિદ્યાર્થિનીઓએ મેસમાં જ થાળીઓ પછાડીને વિરોધ પ્રદર્શન કર્યું અને સરકારી તંત્રની પોલ ખોલી નાખી.

હૉસ્ટેલમાં રહેતી દીકરીઓનો આરોપ છે કે સમરસ હૉસ્ટેલની મેસમાં આપવામાં આવતું ભોજન ખાવા લાયક હોતું નથી. વારંવાર ભોજનમાંથી જીવાત નીકળવી, કાચું કે વાસી અનાજ પીરસવું અને અસ્વચ્છતા વચ્ચે રસોઈ બનાવવી એ અહીં નિત્યક્રમ બની ગયો છે.

સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ: વિરોધ કરી રહેલી વિદ્યાર્થિનીઓએ જણાવ્યું કે હલકી ગુણવત્તાનું ભોજન ખાવાના કારણે અનેક વિદ્યાર્થિનીઓ અવારનવાર બીમાર પડે છે. રજૂઆતો છતાં બહેરા કાને વાત: હૉસ્ટેલ વહીવટી તંત્ર અને રેક્ટરને વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં આખરે દીકરીઓએ થાળીઓ પછાડીને વિરોધનો માર્ગ અપનાવવો પડ્યો.

એક તરફ સરકાર શિક્ષણ અને નારી સશક્તિકરણના મોટા-મોટા દાવા કરે છે અને 'વિકસિત ગુજરાત'નો પ્રચાર કરે છે, ત્યારે બીજી તરફ રાજ્યની સરકારી હૉસ્ટેલોમાં ભણતી દીકરીઓને શુદ્ધ ભોજન માટે પણ રસ્તા પર ઉતરવું પડે છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગત? મેસનો કોન્ટ્રાક્ટ ધરાવતા ખાનગી ઈજારોદારો માત્ર પોતાનો નફો કમાવામાં મસ્ત છે અને વહીવટી અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાના આક્ષેપો ઊઠ્યા છે.

આરોગ્ય અને શિક્ષણ મંત્રી શું પગલાં લેશે? રાજ્યના શિક્ષણ મંત્રી અને આરોગ્ય મંત્રી સુધી અવાજ પહોંચાડતાં વિદ્યાર્થિનીઓએ માગ કરી છે કે આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરવામાં આવે અને દોષિત કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ તાત્કાલિક રદ કરી તેની સામે કડક કાર્યવાહી કરાય.

શું સરકારી હૉસ્ટેલોમાં રહેતી દીકરીઓના આરોગ્યની કોઈ કિંમત નથી? જો રાજ્યના આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરમાં સમરસ હૉસ્ટેલની આ સ્થિતિ હોય, તો ગ્રામીણ વિસ્તારોની હૉસ્ટેલોમાં કેવું વાતાવરણ હશે?

**જીવદયા પ્રેમીઓની સમયસૂચકતાથી મોટો અકસ્માત ટળ્યો!**

## ડભોઇમાં 10 ફૂટના મહાકાય અજગરનો આતંક: મોટા હબીપુરા માર્ગ પર સન્નાટો

ડભોઇ

ડભોઈ પંથકમાં વન્યજીવોનો ભય અવારનવાર સામે આવતો રહે છે, પરંતુ આજે મોટા હબીપુરા તરફ જવાના મુખ્ય માર્ગ પર જે દ્રશ્ય સર્જાયું તે જોઈને ભલભલા કાળજા વાળા પણ ધ્રૂજી ઉઠ્યા હતા. રેલવે ગરનાળા નજીકથી પસાર થતા રાહદારીઓની નજર અચાનક એક મહાકાય, કાળમુખા અજગર પર પડી અને



ક્ષણવારમાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો. ૧૦ ફૂટ લાંબો આ રાક્ષસી અજગર બિલકુલ મુખ્ય માર્ગની નજીક ક્રોલ કરી રહ્યો હતો. તેને જોતાં જ રાહદારીઓ અને વાહનચાલકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. રસ્તા પરથી પસાર થતા લોકોમાં ભારે ફફડાટ વ્યાપી જતાં થોડા સમય માટે ટ્રાફિકના ચાકડા પણ રોકાઈ ગયા હતા અને વાહનવ્યવહાર પળવાર માટે થંભી ગયો હતો. સ્થિતિની ગંભીરતા સમજીને સ્થાનિકોએ એક ક્ષણ પણ ગુમાવ્યા વગર તાત્કાલિક વન્યજીવ સંરક્ષણ માટે સમર્પિત 'નેચર સેવિંગ ફાઉન્ડેશન'ની ટીમને જાણ કરી હતી. કૉલ મળતા જ રેસ્ક્યુ ટીમ પોતાની પૂરી સજ્જતા અને સાધનો સાથે ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે આવી પહોંચી હતી.


મુખ્ય માર્ગ પર આટલા વિશાળકાય વન્યજીવને કંટ્રોલમાં કરવો અત્યંત જોખમી અને પડકારજનક કામગીરી હતી.

**ચમત્કાર કે વિજ્ઞાન? લોકોમાં ભારે ચર્ચા**

## લીમડાના થડમાંથી વહી દૂધ જેવી શ્વેત ધાર! : ડભોઈની ઉમા સોસાયટીમાં કુતૂહલનો મહાસાગર

ડભોઇ

ડભોઈના ઉમા સોસાયટી વિસ્તારમાંથી એક અત્યંત આશ્ચર્યજનક અને વિલક્ષણ ઘટના સામે આવી છે, જેણે આખા પંથકમાં ભારે સળવળાટ મચાવી દીધો છે. અહીં આવેલા એક લીમડાના વૃક્ષના થડમાંથી અચાનક જ દૂધ જેવું ઘટ્ટ અને સફેદ પ્રવાહી ધીમી ધારે વહેવા લાગતાં આસપાસના રહીશો દંગ રહી ગયા છે. આ અસામાન્ય દ્રશ્યની જાણ થતાં જ ઘટનાસ્થળે લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. સ્થાનિક રહીશો માટે આ દ્રશ્ય કોઈ



અકલ્પનીય ઘટનાથી ઓછું નહોતું. લીમડાના થડમાંથી સતત વહેતી સફેદ પ્રવાહીની ધાર જોઈને સ્થળ પર હાજર સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. લોકોએ પોતાના મોબાઈલ કેમેરામાં આ અનોખી ક્ષણો કેદ કરી લીધી હતી, જેના વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે અને સમગ્ર ડભોઈ પંથકમાં આ કિસ્સો 'ટોક ઓફ ધ ટાઉન' બની ગયો છે. આ ઘટનાને લઈને સ્થાનિકોમાં બે ભિન્ન પ્રવાહ જોવા મળી રહ્યા છે. એક તરફ શ્રદ્ધાળુઓ અને કેટલાક સ્થાનિકો તેને દૈવી ચમત્કાર કે કોઈ અનોખી કુદરતી કૃપા માની પૂજા-અર્ચનાનો ભાવ વ્યક્ત કરી રહ્યા છે, તો બીજી તરફ જાગૃત નાગરિકો તેને કોઈ વૈજ્ઞાનિક કે રાસાયણિક પ્રક્રિયા ગણાવી રહ્યા છે.

**મહુધામાં જીગ્નેશ પટેલ હુમલાકાંડ**

## પોલીસે આરોપી ખાલિદહુસૈન અને સાકિબ હુસેનને સાથે રાખી કરાવ્યું ધાકડ રિ-કન્સ્ટ્રક્શન

ખેડા

ખેડા જિલ્લાના મહુધા પંથકમાં ભારે ચકચાર મચાવનારા અને જનતામાં સન્નાટો ફેલાવનારા જીગ્નેશ પટેલ હુમલાકાંડમાં મહુધા પોલીસે અત્યંત આક્રમક, કડક અને વીજળીવેગી કાર્યવાહી હાથ ધરી છે. કાયદો અને વ્યવસ્થાને ખુલ્લેઆમ હાથમાં લેવાની હિંમત કરનારા અસામાજિક તત્વોને કાયદાનો અસલી ડંડો બતાવવા માટે મહુધા પોલીસે આ ઘટનાના મુખ્ય આરોપીઓ ખાલિદહુસૈન ગુલામહુસૈન શેખ અને સાકિબહુસેન રફીકહુસેન શેખને સાથે રાખીને બનાવ વાળા સ્થળે લઈ જઈ લોખંડી બંદોબસ્ત વચ્ચે ક્રાઈમ સીનનું ધાકડ રિ-કન્સ્ટ્રક્શન (ઘટનાનું પુનરાવર્તન) કરાવ્યું હતું. બનાવની



વિગતો મુજબ, આરોપી ખાલિદહુસૈન શેખ અને સાકિબહુસેન શેખે અદાવત કે ઉગ્ર ઝગડાના પરિણામે જીગ્નેશ પટેલ પર અચાનક તૂટી પડીને ઘાતક હુમલો કર્યો હતો. આ લોહિયાળ હુમલામાં જીગ્નેશ પટેલને ગંભીર ઈજાઓ પહોંચાડી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ ચકચારી કિસ્સાની જાણ થતાં જ મહુધા પોલીસ મથકની ટીમે તાત્કાલિક એક્શન મોડમાં આવીને ગુનો નોંધી, ચારેય તરફ જાળ બિછાવીને બંને હુમલાખોરોને દબોચી લીધા હતા. આરોપીઓને પાંજરે પુર્યા બાદ, ગુનાની કડીઓ જોડવા અને કોર્ટમાં મજબૂત પુરાવા રજૂ કરવાના હેતુથી મહુધા પોલીસે બંને આરોપીઓને ભારે પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે ખસેડ્યા હતા. પોલીસની ટીમે બંને આરોપીઓ પાસે સમગ્ર કાવતરાનું લાઈવ રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આરોપીઓએ જીગ્નેશ પટેલને ક્યાં ઘેર્યા, હુમલો કરતી વખતે કયા શસ્ત્ર કે સાધનનો ઉપયોગ કર્યો, હુમલાની તીવ્રતા કેવી હતી અને લોહીલુહાણ હાલતમાં પીડિતને છોડીને તેઓ કયા રસ્તેથી ભાગ્યા હતા તે તમામ બાબતોનું ઘટનાસ્થળે એક-એક સેકન્ડનું ઝીણવટભર્યું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું.


**ગાંધીનગરમાં આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં યોજાઈ મહત્વની બેઠક**

## અંધશ્રદ્ધા છોડી ગર્ભવતી મહિલાઓ અને કુપોષિત બાળકોને હોસ્પિટલ મોકલવા અપીલ!

ગાંધીનગર

ગાંધીનગર ખાતે રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગની એક અત્યંત મહત્વની અને ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીએ રાજ્યમાં ગર્ભવતી મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં આકરા શબ્દોમાં અંધશ્રદ્ધા પર પ્રહારો કર્યા હતા.

આજના ટેકનોલોજી અને આધુનિક તબીબી વિજ્ઞાનના યુગમાં પણ કેટલાક અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં લોકો ગર્ભવતી મહિલાઓ કે કુપોષિત બાળકોને હોસ્પિટલ લઈ જવાના બદલે ભૂવાઓ કે



ધાગા-દોરા કરનારાઓ પાસે લઈ જતા હોવાની ગંભીર બાબત સામે આવતાં મંત્રીએ આકરા વલણ સાથે સૂચનાઓ આપી હતી. બેઠક દરમિયાન આરોગ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે: અંધશ્રદ્ધા છોડો, દવાખાને પહોંચો: ગર્ભવતી મહિલાઓ અને કુપોષિત બાળકોની જિંદગી સાથે રમવાને બદલે તેમને તાત્કાલિક ધોરણે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC), સરકારી હોસ્પિટલ કે ડૉક્ટર પાસે મોકલવા માટે તેમણે તમામ સામૂહિક અગ્રણીઓ અને આરોગ્ય કર્મચારીઓને અપીલ કરી હતી.

મહિલાઓ અને બાળકોનું સ્વાસ્થ્ય પ્રથમ અગ્રતા: બાળમૃત્યુ દર અને માતૃમૃત્યુ દર ઘટાડવા માટે સમયસર યોગ્ય તબીબી સારવાર, પૌષ્ટિક આહાર અને ડૉક્ટરી તપાસ અનિવાર્ય છે. ભૂવા-ભરાડીઓના ચક્કરમાં સમય બગાડવાથી નિર્દોષ બાળકો અને માતાઓનો જીવ જોખમમાં મુકાય છે.

આરોગ્ય સ્ટાફને સૂચના: આશા વર્કર બહેનો, સરપંચો અને સ્થાનિક તંત્રને ગામડાઓમાં જાગૃતિ અભિયાન ચલાવવા અને આવી મહિલાઓ તથા બાળકોને તુરંત તબીબી સારવાર હેઠળ લાવવા માટે તાકીદ કરવામાં આવી હતી.

'પાક્કો ગુજરાત'નો સામાજિક સંદેશ:

સરકાર દ્વારા મફત સારવાર, મમતા કાર્ડ, પોષણક્ષમ આહાર અને આધુનિક હોસ્પિટલોની સુવિધા ઘરઆંગણે પૂરી પાડવામાં આવી રહી છે. છતાં પણ અંધશ્રદ્ધામાં ફસાઈને ભૂવાઓ પાસે જવું એ માનવજિંદગી સાથે મોટો ખિલવાડ છે.

શું આપણે આધુનિક ગુજરાતમાં હજુ પણ ભૂવા અને ધાગા-દોરા પર નિર્ભર રહીશું કે પછી સમયસર હોસ્પિટલ પહોંચીને માતા અને બાળકનો જીવ બચાવીશું?

## તંત્રી લેખ...

# સત્તાના સિંહાસનને ધ્રુજાવતો આક્રોશ: ખેડૂતની સબસિડીમાં 'દેશનું ઘાટા' અને અબજોપતિઓના 22,000 કરોડ માફ?

### ગાંધીનગરથી દિલ્હી સુધી સત્તાધીશોના કાન ઉઘાડતો ખાસ અહેવાલ — 'પાક્કો ગુજરાત' જન-આવાજ

જે દેશનો આધાર 'જય જવાન, જય કિસાન'ના સૂત્ર પર રખાયો હતો, તે જ દેશમાં આજે ખેડૂત પોતાના જ ખેતરમાં મજૂર અને પોતાના જ હક માટે રસ્તા પર ભિખારી બનાવી દેવાયો છે. એરકન્ડિશન્ડ ઓરડાઓમાં બેસીને દેશનું અર્થશાસ્ત્ર નક્કી કરતા આકાઓને ખેતરની માટીની સોડમ કે ખેડૂતના પરસેવાની કિંમતની કોઈ ખબર નથી. જ્યારે દેશનો એક સામાન્ય ખેડૂત ખેતી બચાવવા માટે યુરિયા કે ડીએપી ખાતરની એક થેલી પર નાની સરખી સબસિડી માગે છે, ત્યારે સરકારી ચોપડાઓમાં દેશનું અર્થતંત્ર ઘાટામાં જતું હોવાના રોદણાં રડવામાં આવે છે.

પરંતુ, સવાલ એ છે કે જ્યારે બડે-બાપના વેપારીઓ અને સરકારની વાહવાહી કરતા મળતિયાઓના ૨૨,૦૦૦ કરોડ રૂપિયાના દેવા ચૂપચાપ રાતોરાત માફ (રાઈટ-ઓફ) કરી દેવાય છે, ત્યારે દેશનું અર્થતંત્ર ક્યાં જાય છે? શું દેશનું કલ્યાણ માત્ર ચૂંટણીમાં ફંડ આપતા અબજોપતિઓ પૂરતું જ સીમિત છે?



### ગુજરાતનો જમીની અહેવાલ: સત્તાના દાવાઓ અને ખેડૂતોની કડવી વાસ્તવિકતા

સરકાર ટીવી અને અખબારોમાં 'વિકાસ' અને 'આત્મનિર્ભરતા'ની કરોડો રૂપિયાની જાહેરાતો આપીને પોતાની પીઠ થાબડે છે, પણ જમીની હકીકત કાંઈક ઓર જ છે:

વીજળી અને પાણીના ધાંધિયા: ગુજરાતનો ખેડૂત આજે પણ સિંચાઈ માટે પૂરતા કલાક વીજળી મેળવવા અને કેનાલોમાં પાણી મેળવવા માટે આંદોલનો કરવા મજબૂર બન્યો છે. દિવસે વીજળી આપવાના વાયદાઓ માત્ર કાગળ પર રહી ગયા છે અને રાતના અંધારામાં ખેડૂતોએ વન્યજીવોના જોખમ વચ્ચે ખેતરો ખેડવા પડે છે.

જમીન સંપાદન અને પાવર ગ્રીડનો અન્યાય: ખેતરોમાંથી પસાર થતી હાઈ-ટેન્શન વીજ લાઈનો અને પાવર ગ્રીડના પોલ ઊભા કરવાના નામે ખેડૂતોની જમીનોનું કવરેજ તો થાય છે, પરંતુ તેમને યોગ્ય કે ન્યાયી વળતર આપવાના નામે મોઢું સંકોચી લેવામાં આવે છે.

ટેકાના ભાવ (MSP) અને કુદરતી નુકસાની: કપાસ, મગફળી, બટાકા કે કઠોળ પકવતા ખેડૂતો જ્યારે કુદરતી આફતો કે પૂરનો સામનો કરે છે, ત્યારે સરકારી સરવેના નામે ટકા જેવી રાહત જાહેર થાય છે. ટેકાના ભાવ માત્ર ચોપડા પર જાહેર થાય છે, પરંતુ માર્કેટ યાર્ડોમાં ખેડૂતે પાક પાણીના ભાણે વેચવો પડે છે.

ગોદી મીડિયાનો ચાપલૂસી દોર: દેશનું મોટું ચાર્ટર્ડ મીડિયા આજે સત્તાની ગુલામીમાં એટલું અંધ થઈ ગયું છે કે તેને ખેડૂતોની ચીસ સંભળાતી નથી. જનતાના ટેક્સ પર ચાલતા આ માધ્યમો માત્ર સરકારી વાહવાહી કરવામાં અને સાચા ગ્રાઉન્ડ રિપોર્ટ દબાવવામાં મશગૂલ છે.

### સત્તાધીશો કાન ખોલીને સાંભળી લે: જન-આંદોલનની આહટ

દેશ ચલાવવામાં અને ભારતને ધબકતું રાખવામાં દેશના કરોડો ખેડૂતો અને યુવાનોના પરસેવાનો ફાળો છે, કોઈ મહેલોમાં રહેતા અબજોપતિઓનો નહીં. જે સરકાર દેશહિત, કિસાનહિત અને રોજી-રોટીની વાત કરશે, દેશનો ખેડૂત અને યુવાન તેની સાથે જ ઊભો રહેશે.

જો સરકાર પોતાની આ પક્ષપાતી અને કૂપમંડૂક માનસિકતા નહીં બદલે, ગ્રાઉન્ડ રિપોર્ટને નજરઅંદાજ કરતી રહેશે અને ખેડૂતનું શોષણ ચાલુ રાખશે, તો યાદ રાખે – સૌરાષ્ટ્રથી લઈને ઉત્તર અને દક્ષિણ ગુજરાતનો ખેડૂત તથા બેરોજગાર યુવાન જ્યારે એક થઈને રસ્તા પર ઉતરશે, ત્યારે ગાંધીનગર કે દિલ્હીના સિંહાસનો હલી જશે. આવનારી ચૂંટણીઓમાં આ જન-આંદોલન સત્તાના સમીકરણો બદલી નાખશે.

'પાક્કો ગુજરાત' મીડિયા નિડરતાથી, કોઈના દબાણ વગર, ખેડૂતો, યુવાનો અને સમાજના છેવાડાના માણસનો અવાજ બનીને સરકારના કાન સુધી સત્ય પહોંચાડવાનું કામ ચાલુ જ રાખશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગુજરાત કે દેશ ધબકે છે પણ સામાન્ય માણસનું ખિસ્સું ખાલી: 7.8% GDPના દાવા અને 'સ્વદેશી'ના ઉપદેશ વચ્ચે ફસાયો આદમી!

'પાક્કો ગુજરાત'નો વિશેષ વિશ્લેષણાત્મક અહેવાલ – કાગળ પર આંકડાઓની ગુલાબી તસવીર અને જમીન પર મોંઘવારી-બેરોજગારીનો વાસ્તવિક માર

દેશમાં જ્યારે પણ જીડીપી (GDP)ના આંકડા જાહેર થાય છે ત્યારે સરકાર અને સત્તાધીશો 'વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા'ના નારા લગાવીને પોતાની પીઠ થાબડે છે. ૭.૮%ના વિકાસ દરનો દાવો ચોક્કસપણે કાગળ પર ઉત્સાહજનક લાગે છે, પરંતુ બીજી જ ક્ષણે વડાપ્રધાન વિદેશના મંચ પરથી દેશવાસીઓને અપીલ કરે છે કે 'વિદેશ ફરવા ન જાઓ, વિદેશમાં લગ્ન ન કરો ('Wed in India') અને બિનજરૂરી સોનું ન ખરીદો!'

હવે સવાલ એ થાય છે કે જો દેશ અર્થતંત્રના તમામ ક્ષેત્રોમાં રોકેટ ગતિએ દોડી રહ્યો છે, તો પછી સામાન્ય નાગરિકને પોતાના હોંશ-અરમાનો પર કાપ મૂકીને અર્થતંત્ર બચાવવાના પાઠ કેમ ભણાવવામાં આવે છે?

બે વિરોધાભાસી સંદેશા: અર્થશાસ્ત્રનો મોટો વિરોધાભાસ

સામાન્ય માણસ માટે અર્થશાસ્ત્રના ગણિતને સમજવું મુશ્કેલ બની ગયું છે, કારણ કે સરકાર તરફથી એક સાથે બે તદ્દન પરસ્પર વિરોધી બાબતો કહેવામાં આવી રહી છે:

ગુલાબી આંકડાઓનો પ્રચાર: એક બાજુ ૭.૮%નો GDP ગ્રોથ બતાવીને દાવો કરાય છે કે દેશમાં સર્વત્ર સમૃદ્ધિ અને વિકાસ છે.

સંયમ અને બચતનો આદેશ: બીજી બાજુ, ડોલર સામે રૂપિયો નબળો ન પડે, ચાલુ ખાતાની ખાધ (Current Account Deficit) ન વધે અને ફોરેન એક્સચેન્જ બચે તે માટે નાગરિકોને ખર્ચ ઘટાડવાની, પર્યટન રોકવાની અને સોનું ન ખરીદવાની શિખામણ અપાય છે.

જો GDPનો આંકડો ખરેખર મજબૂત હોય અને દેશની તિજોરી ઉભરાતી હોય, તો પછી નાગરિકની ખરીદશક્તિ (Purchasing Power) વધવી જોઈએ, નહીં કે તેને પોતાનો વપરાશ ઘટાડવાની નોબત આવે.

આંકડાકીય માયાજાળ કે સાચો વિકાસ?

અર્થશાસ્ત્રનો સાદો અને સીધો નિયમ છે: 'વિકાસનો સાચો અર્થ ત્યારે જ સર થાય જ્યારે તેનો લાભ સામાન્ય માણસના ખિસ્સા, તેની આવક અને તેના જીવનધોરણમાં દેખાય.'

આવકની અસમાનતા: આજે મોટા ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ ક્ષેત્રના નફાથી GDPનો આંકડો મોટો દેખાય છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ મોંઘવારીના મારથી પીસાઈ રહ્યો છે.

ખરીદશક્તિમાં ઘટાડો: બજારમાં શાકભાજી, પેટ્રોલ-ડીઝલ, શિક્ષણ અને દવાની કિંમતો આસમાને છે. સામાન્ય માણસની આવક સ્થિર છે જ્યારે ખર્ચ બમણો થઈ ગયો છે.


બેરોજગારીનો વાસ્તવિક પ્રશ્ન: જો અર્થતંત્ર આટલું ઝડપી દોડી રહ્યું હોય તો દેશનો શિક્ષિત યુવાન નોકરીઓ માટે કેમ ભટકી રહ્યો છે?

'પાક્કો ગુજરાત'નો સણસણતો સવાલ

દિશાહીન નીતિઓ અને આંકડાકીય રમતથી દેશ ચાલતો નથી. 'સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ'નો આગ્રહ ચોક્કસપણે આવકારદાયક છે, પરંતુ તેની આડમાં દેશની સાચી જમીની પરિસ્થિતિ અને જનતાની આર્થિક લાચારીને છુપાવી શકાય નહીં.

જ્યાં સુધી સામાન્ય નાગરિકનું ખિસ્સું મજબૂત નહીં થાય અને તેની ખરીદશક્તિ નહીં વધે, ત્યાં સુધી ૭.૮% કે ૮% ના GDP આંકડાઓ માત્ર સરકારી ચોપડે જ શોભશે! 'પાક્કો ગુજરાત' સતત સત્તાધીશો સામે જનતાના સાચા પ્રશ્નો ઉઠાવતું રહેશે.

# ફ્રાન્સમાં પણ બન્યું નમસ્તે સર્કલ, પેરિસ મંદિર મહોત્સવના આરંભ પૂર્વે શિલ્પનું અનાવરણ




અમદાવાદના પ્રખ્યાત નમસ્તે સર્કલની જેમ હવે ફ્રાન્સના પેરિસમાં પણ 'નમસ્તે' શિલ્પ સાથેનું સર્કલ આકાર પામ્યું છે. મંગળવાર, 1 સપ્ટેમ્બરના રોજ ગ્રેટર પેરિસના બુસી-સેંટ-જ્યોર્જેસ ખાતે એક ભવ્ય કાર્યક્રમમાં નવા 'નમસ્તે' શિલ્પનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ અનાવરણ સ્થાનિક મેયર યાન ડુબોસ્ક, ભારતના કોન્સ્યુલર મિનિસ્ટર કે. જી. પ્રવીણ કુમાર તથા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી આનંદસ્વરૂપદાસ સ્વામી અને BAPS સ્વામિનારાયણ હિન્દુ મંદિરના વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું.

એવન્યુ દુ જનરલ-દ-ગોલ રોડ પર આવેલા સર્કલ પર એક ખાસ શિલ્પ મૂકવામાં આવ્યું છે. આ શિલ્પમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ સમાન 'નમસ્તે' કરતા બે હાથ બતાવવામાં આવ્યા છે, જે સ્વાગત, આદર અને નમ્રતાનો સંદેશ આપે છે. શહેરના મુખ્ય રસ્તા પર હોવાથી, બુસી-સેંટ-જ્યોર્જેસ શહેરમાં પ્રવેશતા દરેક વ્યક્તિને આ શિલ્પ પ્રેમથી આવકારે છે. આ સાથે જ, આ 'નમસ્તે' શિલ્પ એ પણ દર્શાવે છે કે આ શહેરમાં અલગ-અલગ સંસ્કૃતિના લોકો હળીમળીને રહે છે અને સૌનું સન્માન થાય છે. બુસી-સેંટ-જ્યોર્જેસ શહેરમાં અલગ-અલગ દેશોની સંસ્કૃતિ અને પરંપરાઓને માન આપતાં વિશિષ્ટ શિલ્પો મુકવાની એક અનોખી પરંપરા રહી છે. જેમ કે, શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપતું 'રોં-પોઈન્ટ દુ લાઓસ' ખાતે મૂકેલું 3 મોઢાવાળા હાથીનું શિલ્પ, કમ્બોડિયાના વારસા અને કરુણાનું પ્રતીક ગણાતું 'રોં-પોઈન્ટ ફ્નોમ પેન્હ' ખાતે આવેલું સેન્ડસ્ટોનનું બાયોન શિલ્પ અને વિયતનામી શરણાર્થીઓની યાદમાં 'રોં-પોઈન્ટ સાઈગોન' ખાતે બનાવેલું 'લે રેવ દ લા મેર' શિલ્પ. હવે આ તમામ સાંસ્કૃતિક પ્રતીકોની સુંદર યાદીમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ સમાન 'નમસ્તે' શિલ્પ પણ ઉમેરાઈ ગયું છે. બુસી-સેંટ-જ્યોર્જેસ શહેરમાં અલગ-અલગ દેશોની સંસ્કૃતિ અને પરંપરાઓને માન આપતાં વિશિષ્ટ શિલ્પો મુકવાની એક અનોખી પરંપરા રહી છે. જેમ કે, શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપતું 'રોં-પોઈન્ટ દુ લાઓસ' ખાતે મૂકેલું 3 મોઢાવાળા હાથીનું શિલ્પ, કમ્બોડિયાના વારસા અને કરુણાનું પ્રતીક ગણાતું 'રોં-પોઈન્ટ ફ્નોમ પેન્હ' ખાતે આવેલું સેન્ડસ્ટોનનું બાયોન શિલ્પ અને વિયતનામી શરણાર્થીઓની યાદમાં 'રોં-પોઈન્ટ સાઈગોન' ખાતે બનાવેલું 'લે રેવ દ લા મેર' શિલ્પ. હવે આ તમામ સાંસ્કૃતિક પ્રતીકોની સુંદર યાદીમાં ભારતીય સંસ્કૃતિની ઓળખ સમાન 'નમસ્તે' શિલ્પ પણ ઉમેરાઈ ગયું છે. બુસી-સેંટ-જ્યોર્જેસ શહેરમાં 13 દિવસ સુધી ચાલનારા વિશિષ્ટ સાંસ્કૃતિક મહોત્સવ 'ફેસ્ટિવલ ઑફ કલ્ચર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય ઉત્સવ ફ્રાન્સમાં પરંપરાગત શૈલીમાં બનેલા પ્રથમ BAPS સ્વામિનારાયણ હિન્દુ મંદિરના ઉદ્ઘાટન અને લોકાર્પણના આનંદમાં ઉજવવામાં આવી રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન મેયર ડુબોસ્કે બુસી-સેંટ-જ્યોર્જેસમાં ફ્રાન્સ અને ભારત વચ્ચેના ગાઢ સંબંધોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, 'નમસ્તે માટે જોડાયેલા બે હાથ શાંતિ, દયા અને ભારત-ફ્રાન્સની સંસ્કૃતિઓના સંગમનું પ્રતીક છે. બંને દેશોની પોતાની અલગ ઓળખ છે, છતાં પણ એકબીજાને મદદ કરવાની, ભાઈચારાની અને એકતાની ભાવના તેમને જોડે છે. આ શહેર એક એવી ખાસ જગ્યા છે જ્યાં અલગ-અલગ સમુદાયના લોકો એકસાથે મળીને રહે છે.' અંતમાં તેમણે સૌને અભિનંદન આપીને શહેરમાં દિલથી આવકાર્યા હતા.

# સાતમ : શ્રદ્ધા, સંસ્કૃતિ અને શ્રીકૃષ્ણના આગમનની આત્મીય આહટ

ગુજરાતની ધરતી પર તહેવારો માત્ર તિથિઓ નથી હોતા; તેઓ જીવનની લયમાં ભળેલા એવા સંસ્કાર હોય છે, જેમાં આસ્થા, લોકપરંપરા, પરિવાર, આનંદ અને સામૂહિક એકતાના અનેક રંગો એકસાથે ખીલી ઊઠે છે. સાતમ-આઠમનો પર્વ પણ આવો જ એક ભાવસભર ઉત્સવ છે. સાતમ જાણે શ્રીકૃષ્ણના જન્મોત્સવ પહેલાં પ્રકૃતિ અને સમાજ બંનેને આનંદના આગમનની આગોતરી અનુભૂતિ કરાવતો પાવન પડાવ હોય તેમ લાગે છે.

શ્રાવણની ભીની ઋતુ પાછળ રહીને ભાદરવાના આકાશમાં ઉત્સવની હળવી ઝાંખી દેખાવા લાગે ત્યારે ગામડાંથી લઈને શહેર સુધી એક વિશિષ્ટ ચહલપહલ અનુભવાય છે. ઘરોમાં સ્વચ્છતા થાય છે, મંદિરો શણગારાય છે, બજારોમાં તહેવારની રોનક વધે છે અને લોકોના ચહેરા પર વર્ષોથી ઓળખીતો એવો ઉત્સાહ ફરી એકવાર ઝળહળી ઊઠે છે.

સાતમ એટલે માત્ર આઠમની પૂર્વસંધ્યા નહીં, પરંતુ પરંપરાની એવી જીવંત કડી, જે એક પેઢીને બીજી પેઢી સાથે જોડે છે.

આપણી લોકસંસ્કૃતિમાં સાતમ-આઠમનું વિશેષ સ્થાન છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ગુજરાતના અનેક વિસ્તારોમાં આ પર્વ સાથે લોકમેળાઓ, ધાર્મિક કાર્યક્રમો, ભજન-કીર્તન, રાસ-ગરબા, લોકગીતો અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની પરંપરા જોડાયેલી છે. આવા મેળાઓ માત્ર મનોરંજનનું સાધન નથી; તેઓ લોકજીવનની સ્મૃતિ, સહઅસ્તિત્વ અને ભાઈચારાને જીવંત રાખતા સાંસ્કૃતિક ઉત્સવો છે.

સાતમની સવારથી જ શરૂ થાય છે ઉત્સવની અનુભૂતિ

સાતમના દિવસે ઘરમાં વહેલી સવારથી જ એક અલગ જ માહોલ સર્જાય છે. માતાઓ અને બહેનો પરંપરાગત વાનગીઓ બનાવે છે, ઘરને સુશોભિત કરે છે અને પરિવારના સૌ સભ્યો સાથે મળીને તહેવારની તૈયારીઓ કરે છે. ક્યાંક મંદિરમાં દર્શન માટે જવાની તૈયારી હોય છે તો ક્યાંક ઘરમાં જ ભક્તિભાવથી ભગવાનની આરાધના કરવામાં આવે છે.

આ તૈયારીઓમાં દેખાતો આનંદ માત્ર તહેવારનો આનંદ નથી. તેની પાછળ પરિવાર સાથે રહેવાની, પરંપરા જાળવવાની અને સંસ્કારને આગામી પેઢી સુધી પહોંચાડવાની એક નિઃશબ્દ ભાવના છુપાયેલી હોય છે.

બાળકો માટે તો સાતમ-આઠમનો સમય વિશેષ આનંદનો હોય છે. શ્રીકૃષ્ણના બાળસ્વરૂપ પ્રત્યેનો પ્રેમ તેમને કૃષ્ણના વેશમાં સજાવવાથી લઈને મટકી ફોડ જેવા કાર્યક્રમોમાં ભાગ લેવા સુધી લઈ જાય છે. માથે મોરપીંછ, હાથમાં વાંસળી અને ચહેરા પર નિર્દોષ સ્મિત ધરાવતો નાનકડો કાનુડો જાણે આખા વાતાવરણમાં બાળપણની નિર્મળતા વહાવી દે છે.

કૃષ્ણ માત્ર દેવ નથી, જીવનદર્શન છે

શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ ભારતીય સંસ્કૃતિમાં એટલા માટે અનોખું છે કે તેઓ જીવનના દરેક રંગને સ્વીકારતા દેખાય છે. તેઓ ગોકુળના નટખટ કાનુડા છે, યશોદાના લાડકવાયા છે, ગોપીઓના મનમોહન છે, રાધાના પ્રેમના પ્રતીક છે, મિત્રતામાં સુદામાના સાથી છે અને મહાભારતના રણમેદાનમાં અર્જુનના સારથિ છે.

પરંતુ કૃષ્ણનું સૌથી મોટું વૈભવ તેમની વાણીમાં છે. ભગવદ્ ગીતામાં તેમણે કર્મ, કર્તવ્ય, ધર્મ, સંયમ અને નિષ્કામ ભાવનાનું જે જીવનદર્શન આપ્યું છે, તે યુગો પછી પણ માનવજાત માટે માર્ગદર્શક બની રહ્યું છે.

આથી જ સાતમ-આઠમનો પર્વ માત્ર ધાર્મિક વિધિ સુધી સીમિત રહેવાનો નથી. તે આપણને પોતાના જીવન તરફ પણ જોવાનું શીખવે છે. આપણે આપણા કર્તવ્ય પ્રત્યે કેટલા નિષ્ઠાવાન છીએ? સંબંધોમાં કેટલો પ્રેમ છે? મુશ્કેલીમાં કેટલું ધૈર્ય છે? અને સફળતા મળ્યા પછી આપણામાં કેટલો વિનય છે–આવા અનેક પ્રશ્નોના ઉત્તર કૃષ્ણના જીવનમાંથી મળી શકે છે.

લોકમેળાની રોનક અને સંબંધોની ઉષ્મા

સાતમ-આઠમની વિશેષતા એ પણ છે કે આ તહેવાર લોકો વચ્ચેનું અંતર ઘટાડે છે. ગામડાના મેળામાં એકબીજાને મળતા લોકો, જૂના મિત્રો સાથે થતી મુલાકાતો, પરિવારજનોનું એકત્ર થવું અને બાળકોની રમઝટ–આ બધું મળીને તહેવારને જીવંત બનાવે છે.

આજના ડિજિટલ યુગમાં માણસની આંગળીઓ મોબાઈલની સ્ક્રીન પર વધુ દોડે છે અને સંબંધો માટે સમય ઓછો થતો જાય છે. એવા સમયમાં સાતમ-આઠમ જેવા તહેવારો આપણને યાદ અપાવે છે કે સાચો આનંદ કોઈ સ્ક્રીન પર નહીં, પરંતુ માણસની બાજુમાં બેસીને વહેંચાય છે.



મેળાની ભીડમાં મળેલું એક સ્મિત, વર્ષો પછી મળેલા મિત્રનો એક આલિંગન, માતાના હાથની વાનગીનો સ્વાદ અને પરિવાર સાથે વિતાવેલી એક સાંજ–આ એવી સંપત્તિ છે, જે કોઈ બજારમાં ખરીદી શકાતી નથી.

પરંપરા બદલાય, પરંતુ સંસ્કાર ન બદલાય

સમય બદલાય છે. જીવનશૈલી બદલાય છે. તહેવાર ઉજવવાની રીતો પણ બદલાય છે. પરંતુ પરિવર્તનની વચ્ચે આપણી સંસ્કૃતિનું મૂળ તત્ત્વ જળવાઈ રહેવું જોઈએ.

સાતમ-આઠમની ઉજવણીમાં ભક્તિ સાથે સ્વચ્છતા, શિસ્ત, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને સામાજિક સૌહાર્દને સ્થાન આપવું આજના સમયની જરૂરિયાત છે. તહેવારનો આનંદ ત્યારે જ પૂર્ણ બને, જ્યારે આપણા આનંદથી કોઈને દુઃખ ન પહોંચે અને આપણી ઉજવણી સમાજમાં પ્રેમ તથા એકતાનો સંદેશ આપે.

સાતમ : આવતી આઠમની મંગલમય રાહ

સાતમ જાણે એવી સવાર છે, જેના આકાશમાં આઠમના ચંદ્રની રાહ જોવાઈ રહી હોય. ગોકુળમાં કાનુડાના જન્મની જે આતુરતા હતી, તેની એક ઝાંખી આજે પણ લોકોના હૃદયમાં અનુભવાય છે.

આ વર્ષે ગુજરાત સરકારની જાહેર રજાની યાદી અનુસાર શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના શુક્રવારે છે.

પરંતુ તહેવારની સાચી તારીખ કરતાં પણ મહત્ત્વનું છે તેનું હૃદયમાં ઉતરતું તત્ત્વ.

ચાલો, આ સાતમને માત્ર ઉજવણીનો દિવસ ન બનાવીએ. તેને સંબંધોને ફરીથી નજીક લાવવાનો દિવસ બનાવીએ. ઘરમાં પ્રેમ વધારીએ, વડીલોને સમય આપીએ, બાળકોને આપણી લોકપરંપરાઓ સમજાવીએ અને શ્રીકૃષ્ણના જીવનમાંથી કર્મનિષ્ઠા, કરુણા, મિત્રતા અને ધર્મનિષ્ઠાનો પાઠ ગ્રહણ કરીએ.

કારણ કે–
જ્યાં હૃદયમાં શ્રદ્ધા હોય,
જ્યાં સંબંધોમાં સ્નેહ હોય,
જ્યાં સંસ્કારમાં સંવેદના હોય,
ત્યાં દરેક દિવસ તહેવાર બની જાય છે.
સાતમ એ માત્ર તિથિ નથી;
તે આસ્થા અને આનંદ વચ્ચે બંધાયેલો એક એવો પવિત્ર સેતુ છે, જે આપણને આપણી મૂળ સંસ્કૃતિ સાથે ફરીથી જોડે છે.

અને જ્યારે સાતમની સાંજ ધીમે ધીમે રાતની ગોદમાં ઉતરે છે, ત્યારે સમગ્ર વાતાવરણ જાણે એક જ સંદેશ આપે છે–

"આવો કાનુડા...
તારા આગમન પહેલાં જ
અમારા હૃદયના દ્વાર ખુલ્લા છે."

**— લેખક: રૂપેશ સોલંકી**

# એલાઈડ એન્ડ હેલ્થકેર શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક વિકાસ : યુજીસીએ અનેક ડિગ્રી કાર્યક્રમોને સત્તાવાર માન્યતા આપી

નવી દિલ્હી

ભારતમાં એલાઈડ એન્ડ હેલ્થકેર શિક્ષણના ધોરણીકરણ, સત્તાવાર માન્યતા અને વધુ મજબૂતી તરફ એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પગલું ભરાયું છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી) દ્વારા ભારતના રાજપત્ર (ધી ગેઝેટ ઓફ ઈન્ડિયા) માં પ્રકાશિત સૂચના ક્રમાંક F.21-12/2026(CPP-II) - (UIN: 3/2026), તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના માધ્યમથી નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ (એન.સી.એચ.પી)ના નિયમનકારી કાર્યક્ષેત્ર હેઠળ આવતી અનેક એલાઈડ એન્ડ હેલ્થકેર ડિગ્રીને સત્તાવાર રીતે સૂચિત કરવામાં આવી છે. આ સૂચનામાં બેચલર ઓફ ફિઝીયોથેરાપી (બી.પી.ટી) તથા વિવિધ બ્રાન્ચ સાથેની માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી (એમ.પી.ટી) ડિગ્રીનો સમાવેશ થાય છે. તેમાં



મસ્ક્યુલોસ્કેલેટલ સાયન્સીસ, ન્યુરો સાયન્સીસ, કાર્ડિયો-પલ્મોનરી સાયન્સીસ, સ્પોર્ટ્સ સાયન્સીસ, પીડિયાટ્રિક્સ અને નીઓનેટલ સાયન્સીસ, ઑબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેકોલોજી સાયન્સીસ, ઑન્કોલોજી તથા કમ્યુનિટી રિહેબિલિટેશન સાયન્સીસ જેવી બ્રાન્ચ નો સમાવેશ થાય છે. બેચલર ઓફ ફિઝીયોથેરાપી (બી.પી.ટી) ની અવધિ ૫ વર્ષ નિર્ધારિત કરવામાં આવી છે. આ ઉપરાંત મેડિકલ લેબોરેટરી સાયન્સીસ, ઈમરજન્સી મેડિકલ ટેકનોલોજી, એનેસ્થેસિયા અને ઓપરેશન થિયેટર ટેકનોલોજી, ન્યુટ્રિશન એન્ડ ડાયેટેટિક્સ, મેડિકલ રેડિયોલોજી એન્ડ ઈમેજિંગ ટેકનોલોજી, રેડિએશન થેરાપી ટેકનોલોજી, ન્યુક્લિયર મેડિસિન ટેકનોલોજી, ડાયાલિસિસ થેરાપી ટેકનોલોજી, રેસ્પિરેટરી ટેકનોલોજી અને હેલ્થ ઈન્ફોર્મેશન મેનેજમેન્ટ સહિતની નવી બેચલર અને માસ્ટર્સ ડિગ્રીઓ પણ સૂચિત કરવામાં આવી છે. આ ઐતિહાસિક વિકાસ માટે નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ (એન.સી.એચ.પી), નવી દિલ્હીના ચેરપર્સન ડૉ. યજ્ઞા (ઉન્મેષ શુક્લા (પી.ટી - પી.એચ.ડી) ને અભિનંદન પાઠવવામાં આવે છે. તેમના નેતૃત્વમાં થયેલી આ પ્રગતિ ભારતના એલાઈડ એન્ડ હેલ્થકેર શિક્ષણમાં ધોરણીકરણ, માન્યતા અને ગુણવત્તા મજબૂત કરવાની દિશામાં નોંધપાત્ર સીમાચિહ્ન સાબિત થશે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત — વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ — જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ — સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર — સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા — તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ — વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર — સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન — સુંદર અને પ્રોફેશનલ લુક

પાક્કો ગુજરાત

ગુરુવાર | 03 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

# નકલી દવાઓથી લઈ ભેળસેળિયા ઘી-તેલ વેચનારાઓ સામે મોટી કાર્યવાહી: ગુજરાતમાં FDCAએ 50 દવાની પેઢીના લાયસન્સ રદ કર્યા

ગાંધીનગર

રાજ્યમાં નકલી, ગેરકાયદે અને ગુણવત્તાવિહીન દવાઓ તેમજ ભેળસેળિયા ખાદ્યપદાર્થો સામે આરોગ્ય વિભાગે કડક વલણ અપનાવ્યું છે. ગાંધીનગર સચિવાલયમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA)ની ઓગસ્ટ-2026ની કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મંત્રીએ નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર તત્વો સામે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી કડક કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

FDCAની તપાસ દરમિયાન ગંભીર ક્ષતિઓ જણાતા 50 દવા પેઢીઓના વેચાણ પરવાના રદ કરવામાં આવ્યા છે. રિસ્ક બેઝ્ડ ઈન્સ્પેક્શન હેઠળ 2 દવા ઉત્પાદક પેઢીઓને ક્લોઝર ઓર્ડર, 8



**દરોડા દરમિયાન તેલ, મરચાં પાઉડર, દૂધ સહિત 42,988 કિલોગ્રામ શંકાસ્પદ ખાદ્યજથ્થો જપ્ત કરાયો હતો**

ઉત્પાદક પેઢીઓના પરવાના સ્થગિત અને 11 દવાઓના ઉત્પાદન પરવાના રદ કરાયા છે.

લેબોરેટરી તપાસમાં અપ્રમાણસર જાહેર થયેલી 20 દવાના ઉત્પાદકોને કારણદર્શક નોટિસ પાઠવી કાર્યવાહી હાથ ધરાઈ છે. રાજ્યના 42 બ્લડ સ્ટોરેજ સેન્ટરની તપાસમાં 3ને ક્લોઝર ઓર્ડર અને 12ને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. તો ગ્રામ્ય વિસ્તારોમાં એન્ટીબાયોટિક દવાઓની ગુણવત્તા ચકાસવા વિશેષ ડ્રાઇવ યોજાઈ હતી. આ દરમિયાન 588 દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા. નશાકારક અને બનાવટી દવાઓના ગેરકાયદે નેટવર્ક સામે અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં કાર્યવાહી કરાઈ છે. વડોદરા જિલ્લાના વાઘોડિયામાં SOG સાથેની સંયુક્ત તપાસ દરમિયાન મેડિકલ સ્ટોરની બાજુની દુકાનમાંથી ગેરકાયદે રીતે વેચાતા ટ્રામાડોલ સહિતના નશાકારક ઈન્જેક્શનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે NDPS Act હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. બનાવટી 'Nicardia Retard 10' ટેબ્લેટના કેસમાં FDCAએ સપ્લાય ચેઈન સુધી તપાસ લંબાવી છે. J.B. Chemicals દ્વારા ઉત્પાદિત હોવાનું દર્શાવતી બનાવટી ટેબ્લેટના વેચાણ મામલે 30થી વધુ સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન 1.75 લાખથી વધુનો શંકાસ્પદ જથ્થો જપ્ત/પ્રતિબંધિત કરાયો છે. તપાસમાં ઉત્તર પ્રદેશના લખનઉની સેના ફાર્માથી શરૂ થઈ અમદાવાદ અને સાણંદ સુધી પહોંચેલી સપ્લાય ચેઈન સામે આવી છે. સમગ્ર નેટવર્કના મૂળ ઉત્પાદક સુધી પહોંચવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરાઈ છે. અમદાવાદના ત્રાગડ ખાતે લાયસન્સ વિના સંચાલિત 'આનકી હર્બલ'માંથી 2.68 લાખથી વધુ કિંમતનો ગેરકાયદે કોસ્મેટિક્સનો જથ્થો જપ્ત કરાયો હતો. જ્યારે કપડવંજ-ધોળીકૂઈ ખાતે બાવીશી દવાખાનામાંથી નાના બાળકો માટેની દવાનું ગેરકાયદે ઉત્પાદન ઝડપાયું હતું. અહીંથી 66,400નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં 2,238થી વધુ ખાદ્ય વ્યવસાય સંચાલકોની તપાસ કરવામાં આવી હતી. વિવિધ ખાદ્યચીજોના 2,591 નમૂના લેબોરેટરી પરીક્ષણ માટે લેવાયા હતા.

## વિદ્યાર્થી ગમે તે હોદ્દા પર હોય, શિક્ષક ને ભૂલી શકતો નથી: પ્રિન્સિપાલ

# ગોસા(ઘેડ) ની MPJL હાઈસ્કૂલની ખાતે 5મી સપ્ટેમ્બર પૂર્વે " શિક્ષક દિન ની" ભવ્ય ઉજવણી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

ભારત મા દર વર્ષે ૫મી સપ્ટેમ્બર નાં રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે. દેશના પહેલા ઉપરાષ્ટ્ર પતિ અને પૂર્વ રાષ્ટ્રપતિ, વિદ્વાન, દાર્શિનિક અને ભારત રત્નથી સન્માનિત ડો સર્વપલ્લી રાધાકૃષ્ણનનાં જન્મ દિનનાં ઉપલક્ષ મા આ દિવસની ઉજવણી નું દર વર્ષેની જેમ આણ સાલ પણ પોરબંદર તાલુકાના ગોસા(ઘેડ )ગામે માતુ પૂરીબાઈ જીવનભાઈ લાખાણી હાઈસ્કૂલ ખાતે જન્માષ્ટમી ના તહેવારો અનુલક્ષી ૫ સપ્ટેબર પૂર્વે શિક્ષક દિનની ઉજવણીનું આયોજન કરવામા આવેલ હતું. પોરબંદ- સોમનાથ નેશનલ હાઈવે રોડ પર ગોસા(ઘેડ) ગામે માતુ પૂરીબાઈ જીવનભાઈ લાખાણી હાઈસ્કૂલ ખાતે સ્કૂલના પ્રિન્સિપાલ સંતોક બેન આગઠએ તેમજ શિક્ષક દિને વિદ્યાર્થીઓમાથી આચાર્ય તેમજ શિક્ષકો તરીકેની ભૂમિકા ભજવનાર એ ડો. રાધાકૃષ્ણ પલ્લવી તેમજ સરસ્વતી દેવીની છબીને પુષ્પ માલા અર્પણ કરી દીપ પ્રજ્જવલિત



કરીને દિપાજ લિ સાથે ગુરુ વંદના કરી હતી શિક્ષક દિન નિમિતે ઉસ્તાહ પૂર્વક શિક્ષક બની ભણાવવા તેમજ વર્ગમાં મોટી સંખ્યામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ભિનંદન આપી સ્કૂલ ના પ્રિન્સિપાલ સંતોકબેન આગઠ એ મીઠો આવકાર આપ્યો હતો. અને શિક્ષક દિનની ઉજવણી નિમિતે સૌ ગુરુ જનોને નતમસ્તકે ગુરુ વંદના કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓનાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કાર ઘડતર માટે ગુરુજનોની ભૂમિકા મહત્વ પૂર્ણ ગણાવી ને ડો. રાધા કૃષ્ણ પલ્લવી કહેતા કે પ્રથમ હું શિક્ષક છું અને પછી રાષ્ટ્ર પતિ છું.વિશ્વ સ્તરે નામના અપવનાર જગતના વિશ્વ વિભૂતિઓ સર્વ ડો સર્વપલ્લી રાધાકૃષ્ણન, મહાત્મા ગાંધી, સ્વામિ વિવેકાનંદ, અરવિંદ, રવીન્દ્ર ટાગોર આપણા રોલ મોડેલ છે. વિદ્યાર્થી ગમે તે હોદ્દા પર હોય, પણ શિક્ષકને ભૂલી શકતો નથી તેમણે યુવા વિધાર્થી ઓએ ઉસ્તાહ પૂર્વક કાર્યક્રમોમા ભાગ લેતા તેઓ ને આવકારી અભિનદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## રૂ.2.42 લાખનો મુદ્દામાલ કબજે

# ટંકારીયામાં જુગારની મહેફિલ પર દરોડો, 19 ઝડપાયા

ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારીયા ગામમાં ગોડર સ્ટ્રીટ ખાતે મકાનના પહેલા માળે ધમધમતા જુગાર પર ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી 19 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પત્તા પાના વડે રૂપિયા-પૈસાની હારજીતનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે કરાયેલી કાર્યવાહીમાં પોલીસે રૂ.2.42 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી જુગારધારાની કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે ટંકારીયાના ગોડર સ્ટ્રીટ વિસ્તારમાં રહેતો રફીક સાપા



પોતાના જુના મકાનમાં બહારથી લોકોને બોલાવી ભેગા કરી રૂપિયા-પૈસાની હારજીતનો જુગાર રમાડે છે. બાતમીના આધારે ટીમે મકાનના પહેલા માળે દરોડો પાડતાં ત્યાં પત્તા પાના વડે જુગાર રમતા લોકો મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી કુલ 19 શખ્સોને ઝડપી પાડ્યા હતા. દરોડામાં પોલીસે રૂ.1,16,815 રોકડા અને રૂ.1,25,500ની કિંમતના 17 મોબાઈલ ફોન મળી કુલ રૂ.2,42,315નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત પ્લાસ્ટિકના 151 ટોકન-કોઈન, 12 ટોકરી, 2 બોર્ડ, 2 પાથરણાં, લાઈટ બિલ તેમજ પત્તા પાનાના કેટ સહિતનો સામાન પણ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે ઝડપાયેલા આરોપીઓ સામે જુગારધારાની સંલગ્ન કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી માટે પાલેજ પોલીસ સ્ટેશનમાં કેસ રજિસ્ટર કરાવ્યો છે. ઝડપાયેલા 19 આરોપીઓમાં ટંકારીયા ઉપરાંત ભરૂચ શહેર, પાલેજ, ઝનોર, ઝંગાર, કાવી, પરીએજ, સોખડા, વડોદરા સહિતના વિસ્તારોના શખ્સોનો સમાવેશ થાય છે. ક્રાઈમ બ્રાન્ચની આ કાર્યવાહીએ ટંકારીયા વિસ્તારમાં ચાલતા કથિત જુગારના અડ્ડા સામે પોલીસની કડક કાર્યવાહીનો સંકેત આપ્યો છે. હવે આ જુગારધામ સાથે સંકળાયેલા અન્ય લોકો અથવા આ પ્રવૃત્તિ પાછળની કડી અંગે પોલીસ તપાસમાં શું બહાર આવે છે તેના પર નજર રહેશે.

# તવરા ગામની સરકારી જમીન પર 'રી-ગ્રાન્ટ'નો વિવાદ : ગ્રામજનોનો કલેક્ટર કચેરીએ મોરચો

ભરૂચ

ભરૂચ તાલુકાના તવરા ગામમાં સરકારી જમીનને લઈને વિવાદ ગરમાયો છે. રેવન્યુ સર્વે નંબર 118 પૈકીની જમીન અક્ષર પુરુષોત્તમ સંસ્થાને રી-ગ્રાન્ટ કરવાની કાર્યવાહી સામે ગ્રામજનોએ વિરોધનો સૂર ઉઠાવ્યો છે. ગ્રામજનોએ ભરૂચ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી આ જમીન કોઈ સંસ્થાને આપવાને બદલે સરકારી હસ્તક રાખી જાહેર હેતુ માટે અનામત રાખવા ઉગ્ર માંગ કરી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, તવરા ગામની સર્વે નંબર 118 પૈકીની જમીન અંગે અક્ષર પુરુષોત્તમ સંસ્થા દ્વારા રી-ગ્રાન્ટની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. જોકે, જમીનનો ઈતિહાસ તેમજ અગાઉના સરકારી હુકમો ધ્યાને લેવામાં આવે તો જમીન સરકાર હસ્તક જ રહેવી જોઈએ તેવી ગ્રામજનોની રજૂઆત છે. આ સાથે મહેસૂલી રેકોર્ડમાં જરૂરી



સુધારા કરી જમીનની સ્થિતિ સ્પષ્ટ કરવાની પણ માંગ કરવામાં આવી છે. 'જમીન સંસ્થાને નહીં, ગામના ભવિષ્ય માટે રાખો'–આ માગ સાથે ગ્રામજનોએ જમીનના જાહેર ઉપયોગનો મુદ્દો પણ કલેક્ટર સમક્ષ ઉઠાવ્યો છે. તવરા અને નવા તવરા ગામની સંયુક્ત વસ્તી 10 હજારથી વધુ હોવાનો દાવો કરતા ગ્રામજનોએ જણાવ્યું કે વધતી વસ્તી સામે ગામમાં રમતગમતનું મેદાન, પ્રાથમિક શાળાની સુવિધા, લાઈબ્રેરી, આંગણવાડી, કોમ્યુનિટી હોલ, પીવાના પાણીની સુવિધા તથા પશુઓ માટેની જગ્યાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

ગ્રામજનોનું કહેવું છે કે આજે સરકારી જમીનનો નિર્ણય લેવાશે તે આવતીકાલે આખા ગામના ભવિષ્યને અસર કરી શકે છે. તેથી જમીનનું રી-ગ્રાન્ટ કરતા પહેલાં સમગ્ર મામલાની તટસ્થ તપાસ કરવામાં આવે અને અગાઉના સરકારી હુકમો તથા મહેસૂલી રેકોર્ડની ચકાસણી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સમગ્ર મામલે જિલ્લા કલેક્ટર દ્વારા યોગ્ય તપાસ કરી જમીન અંગેની હકીકત સ્પષ્ટ કરવામાં આવે અને તવરા-નવા તવરા ગામના જાહેર હિતને પ્રાથમિકતા આપી જમીન સરકાર હસ્તક જ રાખવામાં આવે તેવી ગ્રામજનોએ રજૂઆત કરી છે.

# શિનોરમાં કોબરાને રેસ્ક્યુ કરવો 38 વર્ષના અનિલ માછીને પડ્યો ભારે

## એક વર્ષ પહેલાં સાપ રેસ્ક્યુ કરનાર અશોક પટેલનું પણ ડંખથી મોત થયું હતું

સાધલી, હસમુખ પટેલ

અરસામાં શિનોર રોહિત વાસમાં રહેતા 38 વર્ષના અનિલ કનુભાઈ માછી, પંચાયત ઓફિસ સામે પાવભાજી લેવા જતા હતા, ત્યારે તેઓએ રસ્તા પર કોબરા જાતિના સાપને જોયો ,તેની આજુબાજુ લોકો તથા બાળકો રમતા હતા ,તેઓને કરડેના તે હેતુથી તેમને સાપને રેસ્ક્યુ કરવાનો પ્રયત્ન કરતી વખતે આંગળી ઉપર કોબ્રાએ ડંખ માર્યો. છતાં હિંમત કરીને તેને બરણીમાં પૂર્યો, તેમના મિત્રો બાઈક પર મોટા ફોફળિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા અને ત્યાંથી 108 મારફત સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, ત્યાંના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.



અનિલ માછી ડ્રાઈવિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને સાપ તેમજ અન્ય વન જીવોનુ રેસ્ક્યુનું કામ પણ કરે છે, વન વિભાગ અને વિવિધ સંસ્થાઓ દ્વારા સાપ પકડવા અને વન્યજીવો નું રેસ્ક્યુ કરવા બદલ પ્રમાણપત્રો પણ આપેલા છે. એમના પરિવારમાં તેઓ એક માત્ર સહારો હતા, વિધવા માતા અને નાનો પુત્ર તથા નાની પુત્રી નિરાધાર બન્યા છે. ઘણાના જીવ બચાવનાર અનિલ માછીના મોતથી શોકની લાગણી વ્યાપેલ છે સરકાર તથા વન વિભાગ દ્વારા આ પરિવારને યોગ્ય સહાય મળે તેવી માંગ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એક વર્ષ અગાઉ અવાખલ ગામના અશોક મનહર પટેલ નું આ કોબરા જાતિના સાપને પકડતાં ડંખ લાગી જતાં, મૃત્યુ થયું હતું, તેની યાદ તાજી થઈ છે.

પોતાના જીવને જોખમમાં નાખીને અન્યના જીવોને બચાવવા અને પકડેલા સાપ કે વન્ય જીવોને સલામત વન વિભાગને સોંપતા આવા નરબંકા ને સલામ કરવાનું મન થાય છે. અને દુઃખની પણ લાગણી થાય છે.

# છોટાઉદેપુર LCBની મોટી કાર્યવાહી: પાનવડ ગામ પાસેથી ક્રેટા અને બોલેરો સહિત 18.88 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદે વિદેશી દારૂની હેરાફેરી સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. એલ.સી.બી. પી.આઈ. એમ.એફ. ડામોરની સૂચના મુજબ સ્ટાફ પાનવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે રૂમડીયા ગામ તરફથી આવી રહેલી સફેદ કલરની મહિન્દ્રા બોલેરો TUV (GJ-13-AH-8681) તથા તેનું પાયલોટિંગ કરી રહેલી કાળા કલરની હ્યુન્ડાઈ ક્રેટા (GJ-13-CA-3302) નો ફિલ્મી ઢબે પીછો કરવામાં આવ્યો હતો.

બંને વાહનો રોડ સાઈડે ઉતારી આરોપીઓ ખેતરોમાં ભાગવા લાગ્યા હતા, જેમાં ક્રેટા ચાલક રાહુલ રમેશભાઈ કાંજીયા





(રહે. થાનગઢ, જિ. સુરેન્દ્રનગર) નીચે પડી જતાં પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે વાહનોની તલાશી લેતાં બોલેરોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧,૨૪૦ બોટલ (કિંમત ૩,૭૮,૧૨૦/-) મળી આવી હતી.

પોલીસે ૮ લાખની ક્રેટા, ૭ લાખની બોલેરો TUV, વિદેશી દારૂ અને મોબાઈલ મળી કુલ ૧૮,૮૮,૧૨૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પાનવડ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## તંત્રની ઘોર લાપરવાહી

# જેતપુરપાવીના ઓરસંગ બ્રિજ પાસે નર્મદા પાઈપલાઈનમાં ફરી મોટું ગાબડું

જેતપુરપાવી, ઇમરાન મિર્ઝા

પાઈપલાઈનમાં ફરી એકવાર મોટું ભંગાણ સર્જાયું છે. પ્રજાના ટેક્સના પૈસે તૈયાર થયેલી પાઈપલાઈનમાંથી હજારો લિટર કિંમતી પાણી નદીમાં વહીને વેડફાઈ રહ્યું છે, જ્યારે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યું છે.

હજુ માંડ થોડા દિવસ પહેલાં જ આ જ જગ્યાએ પાઈપલાઈન તૂટી હતી. તંત્રએ ઉતાવળે થીગડાં મારીને સંતોષ માની લીધો હતો, પરંતુ ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના કારણે એ જ સાંધાની બાજુમાંથી ફરી ધસમસતો પ્રવાહ ફૂટી નીકળ્યો છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે સમારકામના નામે માત્ર કાગળ પર જ ઘોડા દોડાવવામાં આવ્યા છે અને સરકારી તિજોરીને ચૂનો ચોપડાયો છે. ઓરસંગ નદીમાં થતા બેફામ રેતીના ધોવાણને કારણે પાઈપલાઈન વારંવાર ખુલ્લી પડી જાય છે અને તૂટે છે. આ



વાસ્તવિકતા જાણવા છતાં જવાબદાર અધિકારીઓએ પાઈપલાઈનને સુરક્ષિત કરવા માટે કોઈ નક્કર પ્રોટેક્શન વોલ કે કાયમી ઉપાય કરવાની તસ્દી લીધી નથી. એક તરફ રાજ્યમાં ટીપે ટીપા પાણી માટે કાગારોળ મચે છે, ત્યારે બીજી તરફ તંત્રની અણઆવડત અને બેદરકારીને કારણે નર્મદાનું શુદ્ધ પાણી ગટરો અને નદીઓમાં વહી રહ્યું છે.

સ્થાનિક જનતા હવે સવાલ પૂછી રહી છે કે વારંવાર થતા આ નાટકના જવાબદાર ઈજનેરો અને કોન્ટ્રાક્ટરો સામે કડક ફોજદારી પગલાં ક્યારે લેવાશે? શું ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર આવીને આ ભ્રષ્ટાચારની તપાસ કરશે કે પછી ફરી એકવાર નવું થીગડું મારીને પ્રજાની આંખમાં ધૂળ નાખવામાં આવશે? કાયમી ઉકેલ નહીં આવે તો જનતા આંદોલનના માર્ગે ઉતરવા મજબૂર બનશે.

## સાધલી યાર્ડ ખાતે કપાસ ખરીદી શરૂ કરવાની ખેડૂતોની માગ

# શિનોર તાલુકાના કપાસ ખેડૂતોની રજૂઆત: સાધલી સેન્ટર પર જ ટેકાના ભાવે કપાસ ખરીદો, ચેરમેને કૃષિમંત્રીને પત્ર લખ્યો

સાધલી, હસમુખ પટેલ

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ શિનોર ના ચેરમેન મુકેશભાઈ પટેલ( બિરલા) સમક્ષ તાલુકાના કપાસ પકવતા ખેડૂતો દ્વારા અગાઉ પડેલી મુશ્કેલીઓના કારણે સને. 2026 -2027 દરમિયાન ટેકાના ભાવે કપાસની ખરીદી સીસીઆઇ દ્વારા સાધલી મુકામેથી કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

ખેડૂતોની સાચી અને ન્યાય માગણી ધ્યાને લઈને બજાર સમિતિના ચેરમેન મુકેશ પટેલ તથા સેક્રેટરી યોગેશ પટેલ દ્વારા કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ ના મંત્રી જીતુભાઈ વાઘાણી સમક્ષ ગાંધીનગર મુકામે રજૂઆત કરતાં જણાવેલ છે કે શિનોર તાલુકાના ખેડૂતો દ્વારા ચાલુ વર્ષે કપાસનું મોટા પ્રમાણે વાવેતર કરેલ છે ,અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે બજાર સમિતિ શિનોર ના સાધલી યાર્ડ ખાતે ખરીદીની પ્રક્રિયા ચાલુ થાય અને ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા થયા પછી ખેડૂતોના રજીસ્ટ્રેશન નું એપ્રુવલ પણ બજાર સમિતિ શિનોર ખાતેથી થાય તેવી વ્યવસ્થા અને સાથોસાથ તાલુકાના ખેડૂતોનો સમય તથા ખર્ચ બચે જેથી તાલુકામાં જ એપ્રુવલ તથા ખરીદીની પ્રક્રિયા થાય તેવી વ્યવસ્થા કરવા જણાવેલ છે વિશેષમાં જણાવેલ છે કે ખેડૂતોની કપાસ ખરીદ કેન્દ્ર સાધલી યાર્ડમાં જ કરવામાં આવે અને ખરીદેલ કપાસ ખેડૂતો દ્વારા જે તે સેન્ટર એટલે કે ડભોઇ, કરજણ, મંડાળા પહોંચાડશે. અથવા સાધલી ખાતે કપાસનો જથ્થો સ્ટોર કરવો હશે તો બજાર સમિતિ તેની વ્યવસ્થા કરી આપશે તદુપરાંત સાદલી યાર્ડ ખાતે સીસીઆઇના અધિકારીને રહેવા તથા જમવાની વ્યવસ્થા પણ બધા સમિતિ કરશે તાલુકાના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ તથા સમયની બચત થાય અને ખેડૂતોને કપાસ નિકાલની વ્યવસ્થા થાય તે માટે સરકાર તરફથી સકારાત્મક પગલાં લેવાય એવી રજૂઆત કરેલ છે.

# ફ્લાઇંગ સ્ક્વોડ વડોદરાની કાર્યવાહી : મોડાસર ખાતે ઓરસંગ નદીપટ્ટમાં સાદીરેતી ખનીજના ગેરકાયદે ખનન ઉપર ત્રાટકી ટીમ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

વડોદરા ફ્લાઈંગ સ્ક્વોડના Assistant Director શ્રી D. N. PAVAYA ની સૂચના અને માર્ગદર્શન હેઠળ ફ્લાઈંગ સ્ક્વોડ વડોદરાની ટીમ દ્વારા તા. 02/09/2026 ના રોજ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના મોજે મોડાસર ખાતે ઓરસંગ નદીપટ્ટ વિસ્તારમાં સાદીરેતી ખનીજના ગેરકાયદે ખનન તથા વહન સામે મોટી અને અસરકારક કાર્યવાહી કરવામાં આવી હતી.

મોડાસર ખાતે હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં ગેરકાયદે



સાદી રેતીનું ખનન તથા વહન કરતા કુલ 5 ડમ્પર અને 1 એક્સકેવેટર મશીન ઝડપી પાડવામાં આવ્યા હતા.

ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે સ્થળ પર જ તાત્કાલિક કાર્યવાહી કરી તમામ વાહનો તથા મશીનરીને કાયદેસરની કાર્યવાહી અર્થે જપ્ત કર્યા હતા.

પ્રાથમિક અંદાજ મુજબ આ કાર્યવાહીમાં અંદાજે 2 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

આ સફળ કામગીરીમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર શ્રી અંકિત પરમાર, માઈન્સ સુપરવાઈઝર શ્રી હર્ષદ પ્રજાપતિ, સર્વેયર જય ચૌધરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ટીમની સતર્કતા અને ઝડપી કામગીરીના પરિણામે ગેરકાયદેસર ખનન સામે અસરકારક કાર્યવાહી શક્ય બની હતી.



### સાયબર બુલિંગ, ઓનલાઇન ઉત્પીડન અને સ્ટોકિંગનો શિકાર બની રહી

# મંદાના કરીમીએ ભારત છોડ્યા બાદ પણ સાયબર બુલિંગ અંગે કર્યો મોટો ખુલાસો

મુંબઇ

બોલિવૂડની પ્રખ્યાત અભિનેત્રી અને રિયાલિટી શો 'બિગ બોસ' ની એક્સ કન્ટેસ્ટન્ટ મંદાના કરીમી આજકાલ પોતાના અંગત જીવનને લઈને અત્યંત વ્યથિત છે. હાલ માં જ સોશિયલ મીડિયા દ્વારા તેણે ખુલાસો કર્યો છે કે તે છેલ્લા 6 વર્ષોથી સતત સાયબર બુલિંગ, ઓનલાઈન ઉત્પીડન અને સ્ટોકિંગનો શિકાર બની રહી છે. મંદાનાના મતે ભારત છોડીને દુબઈ ગયા બાદ પણ આ માનસિક ત્રાસ અટક્યો નથી. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર અનેક વીડિયો અને સ્ક્રીન શોટ શેર કરી આરોપીઓ દ્વારા થતી છેડછાડ જાહેર કરી છે અને કહ્યું છે કે કઈ રીતે એક અજ્ઞાત શખ્સ તેમની કારકિર્દી અને અંગત જીવન બરબાદ કરવાના પ્રયાસોમાં લાગેલો છે. મંદાના કરીમીએ કહ્યું હતું કે આ સમગ્ર મામલો વર્ષ 2018માં તેના પૂર્વ પતિ ગૌરવ ગુપ્તા સાથે અલગ થયા બાદ શરૂ થયો હતો. ત્યારથી કોઈ અજાણી વ્યક્તિ તેની પાછળ પડી ગઈ છે. આ વ્યક્તિ તેના વ્યવસાયિક જીવન સાથે જોડાયેલા લોકો અને અંગત મિત્રો સાથે સંપર્ક સાધે છે. આરોપી તેમને મંદાના વિરુદ્ધ ભડકાવવા માટે ખોટી વાતો જણાવે છે જેથી તેમની કારકિર્દી ઠપ થઈ જાય, એટલું જ નહીં તે અજાણ્યા એકાઉન્ટથી અનેકવાર પૈસાની માંગ પણ કરવામાં આવી છે. તેણે અત્યંત ભાવુક થઈ કહ્યું કે તેને સમજાતું નથી કે કોઈ તેનાથી આટલી નફરત કેમ કરે છે અને તેને બેઘર, બેરોજગાર જોવા કેમ આટલો તલપાપડછે. જાસૂસી માટે હેકરની મદદ લીધી અભિનેત્રીએ આ ચોંકાવનારા મામલામાં એક મોટો ઘટસ્ફોટ કરતા કહ્યું કે અમુક વર્ષ પહેલા તેણે આ સ્ટોકરની ભાળ મેળવવા માટે એક પ્રોફેશનલ જાસૂસની મદદ લીધી હતી. તપાસમાં જે વાત સામે આવી તેણે બધાને ચોંકાવી દીધા હતા. તપાસ કરનારે જણાવ્યું હતું કે કોઈ અજાણી વ્યક્તિએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ અને ગતિવિધિઓ પર ચોવીસ કલાક નજર રાખવા માટે એક 'પ્રોફેશનલ હેકર' ને પૈસા આપ્યા છે. આ હેકર મીનાક્ષી નામના એક ફેક ઈમેઈલ આઈડી દ્વારા મંદાનાના સંપર્કમાં આવનારા દરેક પ્રખ્યાત વ્યક્તિને ભ્રામક અને વિવાદિત સંદેશો મોકલતો હતો. ભારત છોડ્યા પછીય મુશ્કેલીમાં મંદાના કરીમીના જણાવ્યા અનુસાર તેણે આ માનસિક ત્રાસના લીધે ભારત છોડવાનો નિર્ણય લીધો હતો. તે લગભગ 16 વર્ષો સુધી ભારતમાં રહ્યા બાદ મે 2026માં દુબઇ શિફ્ટ થઈ હતી. જો કે દેશ બદલ્યા બાદ પણ આ સ્થિતિમાં કોઈ જ સુધારો ન આવ્યો.

**અમુક વર્ષ પહેલા તેણે આ સ્ટોકરની ભાળ મેળવવા માટે એક પ્રોફેશનલ જાસૂસની મદદ લીધી હતી**

# 'માલામાલ વીકલી 2'માં ઈશા દેઓલની એન્ટ્રી

## હેમા માલિનીની મોટી દીકરી ઈશા દેઓલ લાંબા સમય બાદ એક્ટિંગમાં કમબેક કરવા માટે તૈયાર છે



મુંબઇ

વર્ષ 2006માં રિલીઝ થયેલી કોમેડી ફિલ્મ 'માલામાલ વીકલી'ની સિક્વલ 'માલામાલ વીકલી 2'ને લઈને સતત નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. ફિલ્મમાં પહેલાથી જ અનેક જાણીતા કલાકારોની એન્ટ્રી થઈ ચૂકી છે. હવે ફિલ્મની કાસ્ટમાં વધુ બે અભિનેત્રીઓના નામ જોડાયા છે, જેમાં એક નામ ઈશા દેઓલનું છે, જ્યારે બીજું નામ 'બિગ બોસ 17'માં જોવા મળેલી અભિનેત્રી સોનિયા બંસલનું છે. દિવંગત અભિનેતા ધર્મેન્દ્ર અને દિગ્ગજ અભિનેત્રી હેમા માલિનીની મોટી દીકરી ઈશા દેઓલ લાંબા સમય બાદ એક્ટિંગમાં કમબેક કરવા માટે તૈયાર છે. અહેવાલો અનુસાર, મેકર્સે તેમને 'માલામાલ વીકલી 2' માટે અપ્રોચ કરી હતી અને હવે તેમણે ફિલ્મ સાઈન કરી લીધી છે. મળતી માહિતી મુજબ ઈશા દેઓલ છેલ્લા કેટલાક સમયથી એક સારા અને રસપ્રદ પ્રોજેક્ટની શોધમાં હતી, જેના દ્વારા તે એક્ટિંગમાં વાપસી કરી શકે. હવે તેની આ શોધ 'માલામાલ વીકલી 2' સાથે પૂરી થઈ હોવાનું કહેવાય છે.

'બોલિવુડ હંગામા'ના અહેવાલ મુજબ ઈશા ફિલ્મમાં પોતાના પાત્રને લઈને ખુશ છે અને તેણે ફિલ્મ માટે હા પાડી છે. ઈશાના ચાહકો માટે પણ આ કમબેક ખાસ માનવામાં આવી રહ્યું છે. ઈશા દેઓલની સાથે જ આ ફિલ્મમાં 'બિગ બોસ 17'માં જોવા મળેલી અભિનેત્રી સોનિયા બંસલ પણ 'માલામાલ વીકલી 2'માં મોટા પડદે જોવા મળશે. સોનિયાને ફિલ્મમાં એક રસપ્રદ ભૂમિકા માટે અપ્રોચ કરવામાં આવી હતી. રોલ પસંદ આવ્યા બાદ તેણે પણ ફિલ્મની ઓફર સ્વીકારી લીધી છે. આ રીતે ફિલ્મની કાસ્ટમાં હવે બે વધુ અભિનેત્રીઓનો ઉમેરો થયો છે. 'માલામાલ વીકલી 2'ના શૂટિંગને લઈને પણ મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે.

# કેટરીના કૈફના બોડી શૅમિંગ સામે સપોર્ટમાંઆવીશિવાલિકાઓબેરોય

## કેટરીના કૈફ હાલમાં જ દિગ્ગજ ડાયરેક્ટર કુકૂ કોહલીના અંતિમ સંસ્કારમાં પહોંચી હતી, જ્યાં પેપ્સએ તેની તસવીરો લીધી હતી

મુંબઇ

બોલીવુડની જાણીતી અભિનેત્રી કેટરીના કૈફ હાલમાં પોતાના પ્રેગ્નન્સી બાદ વધેલા વજનના કારણે લોકોની ટીકાઓનો ભોગ બની હતી. આ મુદ્દો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચામા છે. અભિનેત્રી કેટરીના કૈફ હાલમાં જ દિગ્ગજ ડાયરેક્ટર કુકૂ કોહલીના અંતિમ સંસ્કારમાં પહોંચી હતી, જ્યાં પેપ્સએ તેની તસવીરો લીધી હતી.

એક્ટ્રેસને તેના વધતા વજનના લીધે ટ્રોલ કરવામાં આવતા અભિનેત્રી શિવાલિકા ઓબેરોય હવે તેના સપોર્ટમાં આવી હતી. તેણે ટ્રોલર્સને કરારો જવાબ આપતા કહ્યું હતું કે આવી માનસિકતા ધરાવતા લોકો કેટલા અતાર્કિક હોય છે. એક્ટ્રેસ શિવાલિકા ઓબેરોયએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર કેટરીના કૈફની તસ્વીર પોસ્ટ કરી, તસ્વીર પોસ્ટ કરી એક્ટ્રેસે લખ્યું કે 'શું થઈ ગયું છે લોકોને, આ મધરહુડ છે! નોર્મલ પોસ્ટપાર્ટમ રિકવરી આવી જ દેખાય છે, સારી, ખરાબ, સોજો, થાક અને તેની વચ્ચે દરેક વસ્તુઓ. મધરહુડના એવા વર્ઝનને પ્રોત્સાહન આપવાનું બંધ કરો, જે હાજર જ નથી. છેલ્લા અમુક દિવસોમાં આવી અનેક પોસ્ટ જોઈને વિચારું છું કે લોકોના વિચાર કેટલી હીન કક્ષાના છે.' શિવાલિકાએ પણ હાલમાં જ પોતાના બાળકને જન્મ આપ્યો છે, એવામાં પ્રેગ્નન્સી બાદ શરીરમાં આવેલા ફેરફારોને તે સારી રીતે સમજી શકે છે. આવું પહેલીવાર થયું નથી જયારે કોઈ અભિનેત્રીને તેની પ્રેગ્નેન્સી બાદ ટ્રોલ કરવામાં આવી રહી હોય, આ પહેલા પત્રલેખા સહિત અનેક અભિનેત્રીઓ આ રીતે ટ્રોલિંગનો સામનો કરી ચુકી છે. યુઝર્સે કેટરીનાને ટ્રોલ કરી અભિનેત્રી કેટરીના કૈફ નવેમ્બર 2025માં પોતાના દીકરા વિહાનના જન્મ બાદ લાઈમલાઈટથી ઘણી દૂર હતી. એવામાં ડાયરેક્ટર કુકુ કોહલીના અંતિમ સંસ્કાર દરમિયાન તેને સ્પોટ કરવામાં આવી હતી ત્યાર બાદ સોશિયલ મીડિયા પર તેના વીડિયો અને તસવીરો સામે આવ્યા બાદ તેને ટ્રોલ કરવામાં આવી હતી.





# અક્ષય કુમારની 'સામુક'માં રુક્મિણી મૈત્રાની એન્ટ્રી?

## અક્ષય કુમારની સામે મહત્વની ભૂમિકા ભજવવા માટે હાલમાં નિર્માતાઓ સાથે વાતચીત કરી રહી છે

મુંબઇ

અક્ષય કુમારની આગામી સાય-ફાઈ એક્શન થ્રિલર 'સામુક'ની કાસ્ટ ધીમે-ધીમે વધુ મોટી થઈ રહી છે. અમને મળેલી માહિતી મુજબ, જાણીતી બંગાળી અભિનેત્રી રુક્મિણી મૈત્રા આ ફિલ્મમાં સુપરસ્ટાર અક્ષય કુમારની સામે મહત્વની ભૂમિકા ભજવવા માટે હાલમાં નિર્માતાઓ સાથે વાતચીત કરી રહી છે. પ્રોજેક્ટ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર, રુક્મિણી સાથે ચર્ચા ચાલી રહી છે અને કણિષ્ક વર્માના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા માટે તેમને વિચારવામાં આવી રહ્યા છે. આ ફિલ્મનું નિર્માણ સનશાઈન પિક્ચર્સના બેનર હેઠળ વિપુલ અમૃતલાલ શાહ કરી રહ્યા છે, જ્યારે આશિન એ. શાહ સહ-નિર્માતા છે. હાલમાં ફિલ્મનું શૂટિંગ યુકેમાં ચાલી રહ્યું છે. મોટા પાયે બની રહેલી આ ફિલ્મમાં સાયન્સ ફિક્શન સાથે એક્શન અને સર્વાઇવલના તત્વો જોવા મળશે.

એક સૂત્રે જણાવ્યું, "રુક્મિણીનું નામ આ ફિલ્મ માટે ચોક્કસપણે ચર્ચામાં છે. આ એક રસપ્રદ ભૂમિકા છે અને નિર્માતાઓ એવી અભિનેત્રીની શોધમાં હતા, જે પોતાની સ્ક્રીન પ્રેઝન્સની સાથે પાત્રમાં તીવ્રતા પણ લાવી શકે. હાલમાં વાતચીત ચાલી રહી છે અને ટીમ વિગતો નક્કી કરી રહી છે." સૂત્રે વધુમાં જણાવ્યું, "'સામુક'ની દુનિયા એકદમ અલગ છે અને તેથી ફિલ્મની કાસ્ટિંગ પણ ખૂબ જ સમજી-વિચારીને કરવામાં આવી રહી છે. નિર્માતાઓ એવી કાસ્ટ તૈયાર કરી રહ્યા છે, જે અક્ષય કુમાર સાથે સારી રીતે બંધબેસે અને સાથે જ વાર્તામાં અલગ-અલગ પ્રકારની ઊર્જા ઉમેરે. જો વાતચીત અંતિમ તબક્કે પહોંચે છે, તો રુક્મિણી આ ફિલ્મમાં એક રસપ્રદ ઉમેરો સાબિત થઈ શકે છે." રુક્મિણી મૈત્રાએ બંગાળી સિનેમામાં પોતાની આગવી ઓળખ બનાવી છે. હવે જો તેઓ આ હિન્દી ફિલ્મનો ભાગ બને છે, તો આ એક રસપ્રદ કાસ્ટિંગ પસંદગી હશે. ફિલ્મનું મુખ્ય શૂટિંગ હાલમાં યુકેમાં ચાલી રહ્યું છે અને નિર્માતાઓ પાત્રો તેમજ ફિલ્મની વાર્તા સાથે જોડાયેલી વિગતોને ગુપ્ત રાખી રહ્યા છે.

# સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયાનના મોતની તપાસ કરશે CBI, બોમ્બે HCનો આદેશ

મુંબઇ

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સાલિયાનના રહસ્યમય મોતનો મામલો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. એવામાં હવે બોમ્બે હાઈકોર્ટે આ હાઈ-પ્રોફાઈલ કેસની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) ને સોંપવાનો નિર્દેશ આપ્યો છે. અદાલતનો આ આદેશ મૃતકના પિતા સતીશ સાલિયાન દ્વારા દાખલ કરવામાં આવેલી તે અરજી પર આવ્યો છે, જેમાં તેમણે પોતાની પુત્રીના મોતના સંજોગો પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. કોર્ટના આદેશમાં શું હતું? આ કેસની સુનાવણી દરમિયાન અદાલતના ન્યાયમૂર્તિ સારંગ કોટવાલ અને ન્યાયમૂર્તિ રંજીતસિંહ રાજા ભોસલેની બેન્ચે જણાવ્યું હતું કે સીબીઆઈ (CBI) આ મામલામાં તાત્કાલિક એફઆઈઆર (FIR) નોંધશે અને મૃતકના પિતા સતીશ સાલિયાનનું નિવેદન નોંધશે. આ દરમિયાન હાઈકોર્ટે મુંબઈ પોલીસને આદેશ આપ્યો છે કે તેઓ કેસ સાથે જોડાયેલા તમામ કાગળો અને દસ્તાવેજો તુરંત સીબીઆઈને સોંપી દે. અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું છે કે તપાસ દરમિયાન જ્યાં સુધી કોઈના વિરુદ્ધ પાક્કા પુરાવા કે સામગ્રી હાથ ન લાગે, ત્યાં સુધી કોઈપણ વ્યક્તિને આરોપી માનવામાં આવશે નહીં. આ ઉપરાંત કોર્ટના આદેશમાં ધ્યાનમાં રાખવા જેવી બાબત એ પણ છે કે જો તપાસમાં કોઈ કેસ બનતો નથી, તો સીબીઆઈ સંબંધિત અદાલતમાં પોતાનો સમરી રિપોર્ટ રજૂ કરશે, જેને પડકારવાની સ્વતંત્રતા સતીશ સાલિયાન પાસે રહેશે. શું છે આખો મામલો? ઉલ્લેખનીય છે કે દિશા સાલિયાનનું મોત 8 જૂન 2020ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં એક રહેણાંક ઈમારતના 14મા માળથી પડી જવાથી થયું હતું. તે સમયે મુંબઈ પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધીને પોતાની પ્રારંભિક તપાસમાં તેને આત્મહત્યા ગણાવી હતી. દિશાના મોતના એક સપ્તાહ બાદ 14, જૂન 2020નો રોજ સુશાંતસિંહ રાજપૂતનું પણ મોત થયું હતું.



## સ્પોર્ટ્સ

પાક્કો ગુજરાત
ગુરુવાર | 03 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### રોહિત શર્મા હવે કૅપ્ટન બનવા તૈયાર ન હોવાથી જસપ્રીત બુમરાહ અથવા તિલક વર્મામાંથી કોઈ એક નવો સુકાની બની શકે છે

# IPLમાં મુંબઈ ઈન્ડિયન્સનો નવો કૅપ્ટન કોણ?

વૉશિંગ્ટન

આઈપીએલ 2027 પહેલાં મુંબઈ ઈન્ડિયન્સ(MI)ની ટીમમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. છેલ્લા કેટલાક સમયથી હાર્દિક પંડ્યાને ઓક્શન પહેલાં અન્ય ટીમમાં ટ્રેડ કરવામાં આવશે તેવી અટકળો ચાલી રહી હતી. રિપોર્ટ્સ અનુસાર, મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિકને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માં ટ્રેડ કરવા માટે વાતચીત કરી હતી. કેકેઆર બદલામાં ઑસ્ટ્રેલિયાના કેમરૂન ગ્રીનને આપવાની ઑફર કરી હતી, પરંતુ ગ્રીનની ફિટનેસ અને વર્કલોડ અંગે શંકા હોવાથી મુંબઈએ આ ડીલ રદ કરી હતી. ચેન્નઈ સુપર કિંગ્સ સાથે પણ કોઈ ચોક્કસ ડીલ ન થતાં હાર્દિક વધુ એક સીઝન માટે મુંબઈ







ઈન્ડિયન્સમાં જ રહે તેવી પ્રબળ શક્યતા છે. મુંબઈ ઈન્ડિયન્સનું મેનેજમેન્ટ હવે નવા કેપ્ટનની શોધમાં છે અને નવી રણનીતિ સાથે આગળ વધવાની તૈયારી કરી રહ્યું છે. મુંબઈને 5 વખત ટ્રોફી અપાવનાર રોહિત શર્મા ફરીથી કેપ્ટન બનવાના મૂડમાં નથી, પરંતુ તેઓ નવો કેપ્ટન પસંદ કરવા માટે મેનેજમેન્ટ સાથે મળીને કામ કરી રહ્યા છે. હાલમાં કેપ્ટન બનવાની રેસમાં બે નામો સૌથી આગળ ચાલી રહ્યા છે. ટીમ મેનેજમેન્ટ આગામી સીઝન માટે યોર્કર કિંગ જસપ્રીત બુમરાહ અથવા યુવા બેટ્સમેન તિલક વર્મામાંથી કોઈ એક ખેલાડીને કેપ્ટન તરીકે જાહેર કરી શકે છે. ફેન્સ માટે સૌથી આશ્વાસનરૂપ બાબત એ છે કે વિસ્ફોટક બેટ્સમેન સૂર્યકુમાર યાદવ મુંબઈ ઈન્ડિયન્સ સાથે જ રહેશે. વર્ષ 2026ની સીઝન તેમના માટે ભલે ખાસ ન રહી હોય, પરંતુ મુંબઈની ટીમ 'વન ફેમિલી'ના સિદ્ધાંત પર ચાલે છે અને એક ખરાબ સીઝનના કારણે પોતાના મેચ વિનર ખેલાડીને મુક્ત કરશે નહીં. આ ઉપરાંત, પૂર્વ ક્રિકેટર મહેલા જયવર્ધને પણ આગામી વર્ષે ટીમના હેડ કોચ પદે યથાવત્ રહેશે.

## US ઓપન: ઈજામાંથી કમબેક કરીને રાયબાકિના જીતી

વૉશિંગ્ટન

ન્યૂયોર્કમાં રમાઈ રહેલી US ઓપનની પ્રથમ રાઉન્ડમાં એલેના રાયબાકિનાએ ઈજામાંથી વાપસી કરીને જીત મેળવી, જ્યારે વિમ્બલ્ડન સેમિફાઈનલિસ્ટ આર્થર ફેરીની સફર સમાપ્ત થઈ ગઈ. રાયબાકિનાએ અમેરિકાની 17 વર્ષીય વાઈલ્ડકાર્ડ થિયા ફ્રોડિનને 6-3, 6-2થી હરાવી, જ્યારે બ્રિટનના ફેરીને ઈટાલીના લોરેન્ઝો મુસેટીએ 6-3, 6-3, 7-5થી હરાવ્યો. રાયબાકિના હવે વિશ્વની નંબર-1 રેન્કિંગ હાંસલ કરવાની રેસમાં છે, જ્યારે ફેરી છેલ્લા કેટલાક મહિનાઓની શાનદાર ફોર્મ પછી US ઓપનમાંથી બહાર થઈ ગયો. ઈજા બાદ પરત ફરી રાયબાકિના, 1 કલાક 14 મિનિટમાં મેચ જીતી રાયબાકિનાએ સિનસિનાટીમાં ઈગા સ્વિયાતેક સામેની ક્વાર્ટર ફાઈનલ મેચ અધવચ્ચે છોડ્યા પછી પ્રથમ વખત કોર્ટ પર વાપસી કરી.




ડાબા પગની ઘૂંટીની ઈજાને કારણે તેને તે મેચ અધૂરી છોડવી પડી હતી. લગભગ બે અઠવાડિયા પછી US ઓપનમાં પરત ફરેલી રાયબાકિનાએ ફ્રોડિન સામે ઈજાની કોઈ અસર દેખાવા દીધી નહીં અને 1 કલાક 14 મિનિટમાં 6-3, 6-2થી જીત મેળવી. પ્રથમ સેટ તેણે 6-3થી પોતાના નામે કર્યો. બીજા સેટમાં ફ્રોડિને વાપસી કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાયબાકિનાએ દબાણ જાળવી રાખ્યું અને 4-1ની લીડ મેળવી લીધી. અમેરિકન ખેલાડીએ બે મેચ પોઈન્ટ બચાવ્યા અને બાદમાં વધુ એક તક પણ ટાળી.

### સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી!

## ભારતની T20I ટીમમાં સ્થાન ન મળતાં ગુજરાતના સ્ટાર ખેલાડીનું દર્દ છલકાયું

નવી દિલ્હી

અફઘાનિસ્તાન સામે રમાનારી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણી માટે ટીમ સિલેક્શન પહેલા ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાનું નામ સૌથી વધુ ચર્ચામાં હતું અને આશરે 5 વર્ષ બાદ ટીમના દરવાજા ખુલશે તેવી અટકળો સેવાઈ રહી હતી. જોકે, પસંદગીકારોએ કૃણાલ પંડ્યાને નજરઅંદાજ કરીને ટીમમાંથી બાદ રાખ્યા છે. ભારતીય ટીમમાં જગ્યા ન મળ્યા બાદ હાર્દિક પંડ્યાના ભાઈ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના




ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યાએ સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે, જે હાલ ખૂબ વાઈરલ થઈ રહી છે. કૃણાલે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, 'આશા હજુ પણ જીવંત છે' (Hope is still alive). IPL 2026 ની સીઝનમાં કૃણાલ પંડ્યાએ પોતાની જૂની બેટિંગ અને શ્રેષ્ઠ ઓલરાઉન્ડ પ્રદર્શનના આધારે ભારતીય ટીમમાં વાપસીની મજબૂત આશા જગાવી હતી. તેણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને આઈપીએલ ખિતાબ જીતાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

કૃણાલે 9 ઈનિંગ્સમાં 37.66 ની સરેરાશ અને 145.80 ના સ્ટ્રાઈક રેટથી 226 રન બનાવ્યા હતા, જેમાં એક અડધી સદી અને 73 રનનો શ્રેષ્ઠ સ્કોર સામેલ હતો. આ સિવાય બોલિંગમાં પણ તેણે 30.35 ની સરેરાશથી 14 વિકેટ ઝડપી હતી, જેમાં 2/16 તેનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું. કૃણાલ પંડ્યાએ ભારત માટે છેલ્લે વર્ષ 2021 માં આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી.

## આકિબ નબી ન્યૂઝીલેન્ડ પ્રવાસ પહેલા સરેથી કાઉન્ટી રમશે

### ટીમ સાથે જોડાયો, આજથી યોર્કશાયર સામે પ્રથમ મુકાબલો થશે

સિડની

ભારતના ઝડપી બોલર આકિબ નબી ન્યૂઝીલેન્ડ પ્રવાસની તૈયારી માટે ઈંગ્લેન્ડ ગયો છે. તે ત્યાં ક્રિકેટ ક્લબ સરે વતી કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન-1ની 3 મેચ રમશે. ધ હિન્દુ અનુસાર, આકિબ મંગળવારે લંડન પહોંચી ગયો છે. તે બુધવારથી ધ ઓવલમાં યોજાનારી મેચમાં યોર્કશાયર સામે ઉતરશે. નબીને ત્યાં બરાબર એવી જ પરિસ્થિતિઓમાં રમવાની તક મળશે, જેવી નવેમ્બરમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતના બે ટેસ્ટ મેચ દરમિયાન મળી શકે છે. નબી પહેલા સરેની ટીમમાં મહિપાલ લોમરોર, રાહુલ ચહર અને સાઈ સુદર્શન જેવા ભારતીય



ખેલાડીઓ રમી ચૂક્યા છે. પુડુચેરીમાં ઑસ્ટ્રેલિયા એ સામેની ઈન્ડિયા-A સિરીઝ પહેલા નબીના ભારત પરત ફરવાની અપેક્ષા છે. 4 દિવસીય મેચની આ સિરીઝ 22 સપ્ટેમ્બરથી શરૂ થશે. શ્રીલંકાના પ્રવાસે ટેસ્ટ ટીમમાં હતો, ડેબ્યૂ થયું નહોતું નબીને શ્રીલંકા સિરીઝ માટે ભારતની ટેસ્ટ ટીમમાં સામેલ કર્યો હતો. કારણ કે, જસપ્રીત બુમરાહને BCCIના સેન્ટર ઑફ એક્સેલેન્સમાંથી ફિટનેસ ક્લિયરન્સ મળ્યું નહોતું. જોકે, નબી બંને ટેસ્ટ મેચમાં ટીમની બહાર રહ્યો હતો. 2025-26ની સીઝન નબી માટે સફળ રહી. તેણે જમ્મુ-કાશ્મીરની પ્રથમ રણજી ટ્રોફી જીતમાં મહત્વની ભૂમિકા ભજવી અને 60 વિકેટ લીધી. આમાં ફાઈનલની પાંચ વિકેટ પણ સામેલ હતી. આ અભિયાન દરમિયાન નબીએ કેએલ રાહુલ, કરુણ નાયર અને આર સ્મરણને પણ આઉટ કર્યા હતા. નબીએ આ જ સમયગાળા દરમિયાન IPL ડેબ્યૂ પણ કર્યું. દિલ્હી કેપિટલ્સે તેને 8.4 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે ટીમ માટે પાંચ મેચ રમી, પરંતુ કોઈ વિકેટ લીધી નહીં. તેનો ઇકોનોમી રેટ 11.46 રહ્યો. ભારતના

ઝડપી બોલર આકિબ નબી ન્યૂઝીલેન્ડ પ્રવાસની તૈયારી માટે ઈંગ્લેન્ડ ગયો છે. તે ત્યાં ક્રિકેટ ક્લબ સરે વતી કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન-1ની 3 મેચ રમશે. ધ હિન્દુ અનુસાર, આકિબ મંગળવારે લંડન પહોંચી ગયો છે. તે બુધવારથી ધ ઓવલમાં યોજાનારી મેચમાં યોર્કશાયર સામે ઉતરશે. નબીને ત્યાં બરાબર એવી જ પરિસ્થિતિઓમાં રમવાની તક મળશે, જેવી નવેમ્બરમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતના બે ટેસ્ટ મેચ દરમિયાન મળી શકે છે. નબી પહેલા સરેની ટીમમાં મહિપાલ લોમરોર, રાહુલ ચહર અને સાઈ સુદર્શન જેવા ભારતીય ખેલાડીઓ રમી ચૂક્યા છે.

## બિઝનેસ

### ટીમ કૂક હવે એક્ઝિક્યુટિવ ચેરમેનની ભૂમિકામાં

## ટર્નસ એપલના નવા CEO, ₹551 કરોડનું પેકેજ

મુંબઈ

જ્હોન ટર્નસે એપલના CEO પદનો કાર્યભાર સંભાળી લીધો છે. ટર્નસ આ પહેલા સિનિયર હાર્ડવેર એન્જિનિયરિંગના પદ પર કામ કરી રહ્યા હતા. કૂક 15 વર્ષથી CEOના પદ પર કામ કરી રહ્યા હતા, હવે તેઓ કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સના એક્ઝિક્યુટિવ ચેરમેનની ભૂમિકા ભજવશે. કૂકે 2011માં સ્ટીવ જોબ્સની જગ્યા લીધી હતી. ટર્નસ 2001માં પ્રોડક્ટ ડિઝાઈન ટીમમાં જોડાયા અને 2013માં હાર્ડવેર એન્જિનિયરિંગના વાઇસ પ્રેસિડેન્ટ બન્યા. તેમણે આઈફોન, આઈપેડ, મેક, એરપોડ્સ, એપલ વૉચ અને વિઝન પ્રો જેવા



પ્રોડક્ટ્સના હાર્ડવેર એન્જિનિયરિંગનું નેતૃત્વ કર્યું. તેઓ એપલની એક્ઝિક્યુટિવ ટીમના સૌથી યુવા સભ્ય છે. 9 સપ્ટેમ્બરે કંપનીની વાર્ષિક લોન્ચિંગ ઈવેન્ટ યોજાશે. જેમાં કંપની તેના નવા આઈફોન પ્રો મોડલ્સ સાથે પ્રથમ વખત ફોલ્ડેબલ આઈફોન પણ રજૂ કરી શકે છે. આ નાણાકીય વર્ષ માટે એપલના નવા સીઈઓનું ટાર્ગેટ પેકેજ લગભગ 58 મિલિયન ડોલર એટલે કે લગભગ 551 કરોડ રૂપિયા છે. જ્યારે, એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ટિમ કૂકને લગભગ 47 મિલિયન ડોલર એટલે કે લગભગ 446 કરોડ રૂપિયા મળશે.

સરળ શબ્દોમાં કહીએ તો, ટર્નસના પેકેજમાં 3 મિલિયન ડોલરનો વાર્ષિક પગાર અને આવતા વર્ષે મળનારા 55 મિલિયન ડોલરના શેરનો સમાવેશ થાય છે. જ્યારે, કૂકના પેકેજમાં 2 મિલિયન ડોલરનો વાર્ષિક પગાર અને નાણાકીય વર્ષ 2027માં 45 મિલિયન ડોલરના શેર આપવાની યોજનાનો સમાવેશ થાય છે.

### અન્ય ધાતુઓમાં પાંખાં કામકાજો વચ્ચે ભાવમાં ટકેલું વલણ રહ્યું

## ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ રૂ. 33નો ઉછાળો, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

**ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. 33નો ઉછાળો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું**

નવી દિલ્હી

લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ડોલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને પ્રબળ માગને ટેકે કોપર સહિતની ચોક્સ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. 33નો ઉછાળો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અને વપરાશકાર ઉદ્યોગની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં મુખ્યત્વે ઝિન્ક સ્લેબ, કોપર વાયરબાર, કોપર સ્ક્રેપ હેવી અને કોપર કેબલ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. બેથી છનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી છનો ઘટાડો આવ્યો હતો. બજારનાં જણાવ્યાનુસાર આજે



સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, ઝિન્ક સ્લેબ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. 33 વધીને રૂ. 5444, રૂ. છ વધીને રૂ. 431 અને રૂ. પાંચ વધીને રૂ. 1465ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. 1368 અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. 1377ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. 1637, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. 1265 અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. 351ના મથાળે રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં પાંખાં કામકાજો વચ્ચે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, ઝિન્ક સ્લેબ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. 33 વધીને રૂ. 5444, રૂ. છ વધીને રૂ. 431 અને રૂ. પાંચ વધીને રૂ. 1465ના મથાળે રહ્યા હતા.

### PM મોદીની બિનજરૂરી સોનું ન ખરીદવાની અપીલ ફળી

## 2 દિવસમાં ચાંદીમાં મોટો કડાકો, ₹9000 સસ્તી થઈ:સોનું ₹4,500 સસ્તું થયું

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 2 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,855 રૂપિયા ઘટીને 1.51 લાખ રૂપિયા થયો છે. જ્યારે, એક કિલો ચાંદીની કિંમત આજે 2,059 રૂપિયા ઘટીને 2.28 લાખ રૂપિયા પર આવી ગઈ છે. PM નરેન્દ્ર મોદીની અપીલને કારણે 2 દિવસમાં જ ચાંદી 9,000 અને સોનું 4,500 રૂપિયા સસ્તું થઈ ગયું છે. PM મોદીની બિનજરૂરી સોનું ન ખરીદવાની અપીલની અસર માર્કેટ એક્સપર્ટ અનુજ ગુપ્તા અનુસાર, PM નરેન્દ્ર મોદીની અપીલને કારણે આગામી



દિવસોમાં પણ સોનાની કિંમત પર દબાણ જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત, ક્રૂડ ઓઈલની કિંમતમાં તેજીને કારણે પણ સોના અને ચાંદીમાં ઘટાડો થયો છે.

અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનના એક ટાપુ પર હુમલો કર્યો છે. ઈરાને પણ જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલો કર્યો. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધી સોનું 24 હજાર રૂપિયા સસ્તું થઈ ગયું છે. જ્યારે, ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.28 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીના રોજ 3.86 લાખ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધી ચાંદી 1.58 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

## સેન્સેક્સ 374 અંક ઘટીને 76,570 પર બંધ થયો

■ **નિફ્ટી પણ 141 અંક નીચે આવ્યો, ઈરાન પર અમેરિકી હુમલાની અસર**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 2 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 374 પોઈન્ટના ઘટાડા સાથે 76,570 પર બંધ થયો. નિફ્ટી પણ 141 પોઈન્ટ નીચે આવ્યો, તે 23,914 પર બંધ થયો. ઓટો, IT અને મીડિયા શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. દીપા જ્વેલર્સના IPOનો આજે બીજો દિવસ છે. રોકાણકારો તેમાં 3 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. તેમાં ઓછામાં ઓછા 14,868 રૂપિયાનું રોકાણ કરવું પડશે. કંપની આ IPO દ્વારા 459.72 કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે. આ પહેલાં ગઈકાલે એટલે કે 1 સપ્ટેમ્બરે શેરબજારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 13 અંક અને નિફ્ટી 25 અંકના ઘટાડા સાથે બંધ થયો હતો.

શેરબજારમાં આજે એટલે કે 2 સપ્ટેમ્બરે ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 374 પોઈન્ટના ઘટાડા સાથે 76,570 પર બંધ થયો. નિફ્ટી પણ 141 પોઈન્ટ નીચે આવ્યો, તે 23,914 પર બંધ થયો. ઓટો, IT અને મીડિયા શેરોમાં વધુ વેચવાલી જોવા મળી. દીપા જ્વેલર્સના IPOનો આજે બીજો દિવસ છે. રોકાણકારો તેમાં 3 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. તેમાં ઓછામાં ઓછા 14,868 રૂપિયાનું રોકાણ કરવું પડશે. કંપની આ IPO દ્વારા 459.72 કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે.

## રાહુલ ગાંધી સામે FIR વિરુદ્ધમાં પ્રદર્શન

# કોંગ્રેસ કાર્યકરો શહેરના રસ્તા પર ઉતર્યા : પોલીસ દોડતી થઈ




અમદાવાદ

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સામે ઉત્તરાખંડના હલ્દવાનીમાં જાતિ વિરોધી ટિપ્પણી અને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાની ફરિયાદ નોંધવામાં આવી છે. જેને લઈને યુથ કોંગ્રેસ અને NSUIએ આશ્રમ રોડ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. બંધારણના પુસ્તક સાથે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ પોસ્ટર લઈ રસ્તો બ્લોક કરી ભાજપ હાય... હાય...ના નારા લગાવી વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે તમામ કાર્યકર્તાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી છે.

ઉત્તરાખંડના હલ્દવાની સ્થિતિ રામલીલા મેદાનમાં કોંગ્રેસ અધ્યક્ષ અલ્લિકાર્જૂન ખડગેની એક જાહેર સભા યોજાઈ હતી. આ સભા બાદ તે મેદાન પર સફાઈ અભિયાન અને ગંગાજળ છાંટીને શુદ્ધિકરણ યજ્ઞ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ આ શુદ્ધિકરણને મલ્લિકાર્જૂન ખડગેની દલિત જાતિ સાથે જોડી દીધું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ખડગે દલિત હોવાને કારણે ભાજપ-આરએસએસની માનસિકતા હેઠળ આ શુદ્ધિકરણ કરવામાં આવ્યું છે.

> આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે, સંવિધાન છે તો આપડે બધા છીએ જેથી તેનું પાલન કરો

ત્યારબાદ રાહુલ ગાંધીએ ધાર્મિક કાર્યક્રમને રાજકીયરંગ આપ્યો હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધવામાં આવી છે. જેને લઈને યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ કરી રાહુલ ગાંધી સામેની ફરિયાદ પરત લેવા માંગ કરવામાં આવી છે. ભાજપના નેતાઓ સામે ફરિયાદ નોંધવાની પણ માંગ કરી છે. જો રાહુલ ગાંધી સામે ફરિયાદ રદ નહીં થાય તો આગામી સમગ્ર ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

યુથ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે, ભાજપના નેતાઓ પર કાર્યવાહી કરવાના બદલે રાહુલ ગાંધી પર કાર્યવાહી કરવામાં આવે છે. રાહુલ ગાંધી સામેની ફરિયાદ કરવામાં પરત નહીં લેવામાં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવામાં આવશે.

## અમદાવાદના લોક દરબારમાં હોબાળો!

# લોકોના સવાલોથી માહોલ ગરમાયો, ભાજપ ઉપાધ્યક્ષ ઝાડફિયાએ સ્ટેજ પરથી ઉતરી લોકોને સમજાવ્યા

અમદાવાદ

અમદાવાદમાં યોજાયેલા લોક દરબાર દરમિયાન અચાનક માહોલ ગરમાયો હોવાના દૃશ્યો સામે આવ્યા છે. લોકો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અને રજૂઆતો વચ્ચે કાર્યક્રમમાં હોબાળો જોવા મળ્યો હતો.

લોકોની નારાજગી અને ઉગ્ર રજૂઆત વચ્ચે ભાજપના ઉપાધ્યક્ષ ઝાડફિયાએ સ્ટેજ પરથી નીચે ઉતરીને લોકોને સમજાવવાનો પ્રયાસ કરવો પડ્યો હતો. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં કાર્યક્રમ દરમિયાન સર્જાયેલી સ્થિતિ સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. મહત્વની વાત એ છે કે આ લોક દરબારમાં અમદાવાદના મેયર હિતેશ બારોટ સહિત ભાજપના આગેવાનો અને સ્થાનિક પ્રતિનિધિઓ પણ હાજર હતા. હિતેશ બારોટ મે 2026થી અમદાવાદના મેયર તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. લોક દરબારનો મૂળ હેતુ જ લોકોની સમસ્યાઓ સીધી રીતે સાંભળવાનો અને તેના ઉકેલ માટે તંત્ર તથા જનપ્રતિનિધિઓ સમક્ષ રજૂઆત કરવાનો હોય છે. પરંતુ



જ્યારે આ જ મંચ પર લોકોનો રોષ સામે આવે અને નેતાઓએ સ્ટેજ પરથી નીચે ઉતરીને લોકોને સમજાવવા પડે, ત્યારે સવાલો ઊભા થવા સ્વાભાવિક છે. આખરે લોકોની એવી કઈ રજૂઆત હતી કે કાર્યક્રમનો માહોલ ગરમાયો? અને શું તેમની સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ આવ્યું કે પછી માત્ર સમજાવટથી મામલો થાળે પાડવામાં આવ્યો? આ સમગ્ર ઘટનાનો વીડિયો હવે ચર્ચાનો વિષય બન્યો છે. પાક્કો ગુજરાતનો સવાલ સીધો છે–લોક દરબાર માત્ર ફરિયાદો સાંભળવાનો કાર્યક્રમ છે કે ખરેખર લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવાનો મંચ?

# નારણપુરામાં 21.66 લાખની ક્રેડિટ કાર્ડ છેતરપિંડી: પૂર્વ સાથીકર્મી દંપતીએ 6 કાર્ડથી 29.66 લાખ વાપરી નાખ્યા


**બીજી તરફ, બેંકો તરફથી ક્રેડિટ કાર્ડના બાકી બિલ, વ્યાજ અને પેનલ્ટીની કડક ઉઘરાણી શરૂ થઈ જતાં પીડિત પરિવાર પર આભ તૂટી પડ્યું હતું, રોજેરોજ બેંકના ફોન અને માનસિક ત્રાસથી કંટાળીને સમગ્ર પરિવાર ડિપ્રેશનમાં સરી પડ્યો હતો**

અમદાવાદ

અમદાવાદના પોશ ગણાતા નારણપુરા વિસ્તારમાંથી વિશ્વાસઘાત અને આર્થિક ઠગાઈનો એક અત્યંત સનસનાટીભર્યો અને હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક જમાનાના નિકટના સંબંધો અને આંધળા વિશ્વાસનો લાભ ઉઠાવીને એક ઠગ દંપતીએ પરિણીતા અને તેના પતિને રૂ. 21.66 લાખનો મસમોટો ચૂનો લગાવી દીધો છે.

આ આર્થિક ફટકાના કારણે હસતો-રમતો સંસાર વેરવિખેર થઈ ગયો છે અને બેંકના લેણદારોની કડક ઉઘરાણીથી કંટાળીને પરિણીતાના પતિને દેવું ચૂકવવા માટે ઘર-પરિવાર છોડી વિદેશ મજૂરી કરવા જવું પડ્યું છે.





ઘટનાની વિગતવાર માહિતી મુજબ, નારણપુરામાં રહેતી પરિણીતા સાથે તેની ભૂતપૂર્વ સાથીકર્મી (એક્સ-કોલીગ) અને તેના પતિએ ગાઢ સંબંધો કેળવ્યા હતા. ઠગ દંપતીએ નવું મકાન ખરીદવાના બહાને પરિણીતા પાસે રૂ. 30 લાખની મોટી રકમની માંગણી કરી હતી અથવા તો કોઈ રીતે લોન કરાવી આપવા કાલાવાલા કર્યા હતા. વર્ષો જૂની ઓળખાણ અને સાથે કામ કર્યું હોવાના કારણે પરિણીતાએ તેમના પર આંખ બંધ કરીને ભરોસો કરી લીધો હતો. પોતાની પાસે આટલી મોટી રોકડ રકમ ન હોવા છતાં, પરિણીતાએ ઠગ દંપતીની મદદ કરવાના આશયથી પોતાના પતિને મનાવીને અલગ-અલગ બેંકોના કુલ 6 જેટલા ક્રેડિટ કાર્ડ મેળવી આપ્યા હતા. ક્રેડિટ કાર્ડ્સ હાથમાં આવતા જ ઠગ દંપતીની દાનતમાં ખોટ આવી ગઈ હતી.

# CBI અધિકારી બની અમદાવાદ બોપલના 72 વર્ષીય નિવૃત્ત વૃદ્ધને 'ડિજિટલ અરેસ્ટ' કરી 22.70 લાખ પડાવ્યા

અમદાવાદ, સમીર પટેલ

બોપલ વિસ્તારમાં રહેતા 72 વર્ષીય નિવૃત્ત વૃદ્ધને CBI અધિકારી તરીકે ઓળખ આપી 'નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં તમારા આધારકાર્ડનો ઉપયોગ થયો છે' કહી ડરાવી-ધમકાવી સાયબર ઠગોએ ડિજિટલ અરેસ્ટ કરી 22.70 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ બોપલ પોલીસમાં નોંધાઈ છે. ફરિયાદ મુજબ વૃદ્ધના મોબાઈલ પર વોટ્સએપ કોલ આવ્યો હતો. સામેવાળાએ પોતાનું નામ સાક્ષી અગ્રવાલ જણાવી પોતે CBI વિભાગમાં અધિકારી હોવાનું કહ્યું હતું. ત્યારબાદ વૃદ્ધને જણાવાયું હતું કે, તેમના આધારકાર્ડનો ઉપયોગ કરીને મુંબઈના એક મોબાઈલ સ્ટોરમાંથી સિમકાર્ડ લેવામાં આવ્યું છે અને તેના આધારે કેનેરા બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું છે. આ ખાતું નરેશ ગોયલ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં વપરાયું હોવાનું કહી તેમને આરોપી બનાવવાની ધમકી આપવામાં આવી હતી.

ત્યારબાદ વોટ્સએપ વીડિયો કોલ મારફતે અન્ય બે વ્યક્તિઓ સાથે વાત કરાવવામાં આવી હતી. આ શખ્સોએ પોતાને CBI અધિકારી તરીકે ઓળખાવી વૃદ્ધને કેસમાંથી નિર્દોષ છૂટવા માટે PCC સર્ટિફિકેટ લેવું પડશે તેમ જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટ અને RBIના આદેશો તથા વિવિધ રસીદો બતાવીને વૃદ્ધનો વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો.

વૃદ્ધને 'તમે સિનિયર સિટિઝન હોવાથી મુંબઈ કે દિલ્હી રૂબરૂ આવી શકતા નથી, તેથી ઓનલાઈન તપાસ કરવામાં આવશે' તેમ કહી વોટ્સએપ પર સતત વીડિયો કોલમાં રાખવામાં આવ્યા હતા.

## બેગમાંથી વેક્યુમ-સીલ કરેલા ગાંજાના 10 પેકેટ મળ્યા

# એરપોર્ટ પર બેંગકોકથી લવાયેલો 1.90 કરોડનો હાઇડ્રોપોનિક ગાંજો ઝડપાયો!!

**સંક્રમિત માલસામાનના મૂળ સ્રોત અને આ કથિત દાણચોરીના નેટવર્કમાં સામેલ અન્ય લોકોની ઓળખ કરવા માટે કસ્ટમ્સ વિભાગે આગળની કાયદાકીય તપાસ શરુ કરી છે**

અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સના AIU યુનિટે બેંગકોકથી આવેલી ફ્લાઈટમાંથી 1.9 કરોડ રૂપિયાનો 1.928 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. દંપતી બેગમાં વેક્યુમ-સીલ કરેલા 10 પેકેટમાં આ ગાંજો લાવ્યા હતા. NDPS એક્ટ હેઠળ કસ્ટમ્સ વિભાગે દંપતીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બેંગકોકથી ગેરકાયદે રીતે લાવવામાં આવેલો અંદાજે 1.9 કરોડ રૂપિયાની કિંમતનો 1.928 કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરીને આ કેસમાં કસ્ટમ્સ અધિકારીઓએ દંપતીની ધરપકડ કરી છે.



મળતી માહિતી અનુસાર, બેંગકોકથી અમદાવાદ આવેલી થાઈ એરવેઝની ફ્લાઈટ (TG-343)ના મુસાફરોનું પેસેન્જર પ્રોફાઈલિંગ અને એક્સ-રે સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન એઆઈયુના અધિકારીઓએ બે મુસાફરોને અટકાવ્યા હતા. તેના સામાનની તપાસ દરમિયાન ટ્રોલી બેગમાંથી વેક્યુમ-સીલ કરેલા 10 પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટોની તપાસ કરતા તેમાંથી 1,928 ગ્રામ ઉચ્ચ ગુણવત્તા ધરાવતો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ જથ્થાની ગેરકાયદે બજારમાં અંદાજિત કિંમત 1.9 કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

કસ્ટમ્સ વિભાગે આ નશાકારક પદાર્થનો જથ્થો 'નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ' (NDPS) એક્ટ, 1985 હેઠળ જપ્ત કર્યો છે.

## અમદાવાદમાં કુખ્યાત બુટલેગરના પૌત્રનો નવરંગપુરામાં આતંક

# રોંગ સાઈડમાં કાર ચલાવી અકસ્માત સર્જ્યો

અમદાવાદ

અમદાવાદના પશ્ચિમ વિસ્તાર ગણાતા સી.જી. રોડ અને નવરંગપુરા જેવા પોશ વિસ્તારમાં મોડી રાત્રે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી ઘટના સામે આવી છે. શહેરના કુખ્યાત બુટલેગર કિશોર લંગડાના પૌત્ર આદિત્ય રાઠોડે દાદાગીરીની તમામ સીમાઓ વટાવીને રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે કાર ચલાવી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત બાદ પોતાની ભૂલ સ્વીકારવાના બદલે સામે વાહનમાં બેઠેલા યુવક સાથે હુમલો કરી, મારામારી આચરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી માહિતી મુજબ, નવરંગપુરા વિસ્તારમાં આવેલા અતિ ગીચ અને ચહલપહલવાળા ગિરીશ કોલ્ડ્રિંક્સ ચાર રસ્તા પાસે આ ઘટના બની હતી:

બેફામ ડ્રાઈવિંગ: આરોપી આદિત્ય રાઠોડ




પોતાની કાર લઈને જાહેર રોડ પર રોંગ સાઈડમાં બેફામપણે જઈ રહ્યો હતો. આ દરમિયાન સામેથી નિયમ મુજબ આવી રહેલા જય દેસાઈ નામના યુવકની કાર સાથે તેણે જોરદાર અકસ્માત સર્જ્યો હતો.

અકસ્માત બાદ દાદાગીરી: અકસ્માત સર્જાયા બાદ આદિત્ય રાઠોડે કારમાંથી નીચે ઉતરીને પોતાની ભૂલ સ્વીકારવાના બદલે ઉદ્ધતાઈપૂર્વક વર્તન શરૂ કર્યું હતું.

યુવક પર હુમલો અને ધમકી: ભોગ બનનાર યુવક જય દેસાઈ સાથે બોલાચાલી કરી આદિત્ય રાઠોડે રસ્તા વચ્ચે જ ઢોર માર માર્યો હતો અને 'હું કોણ છું તને ખબર નથી?' તેમ કહીને જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપી હતી.

અકસ્માત અને મારામારીની આ ઘટના બાદ પીડિત યુવક જય દેસાઈએ હિંમત દાખવીને સીધા નવરંગપુરા પોલીસ સ્ટેશન પહોંચી આદિત્ય રાઠોડ સામે લેખિત ફરિયાદ નોંધાવી છે:

નવરંગપુરા પોલીસ એક્શનમાં: પોલીસે જય દેસાઈની ફરિયાદના આધારે આરોપી આદિત્ય રાઠોડ સામે કાયદાકીય ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી (CCTV) ફૂટેજ કબજે કરીને સમગ્ર મામલે કડક તપાસ શરૂ કરી છે.

## અમદાવાદમાં AMCનું બુલડોઝર અને એક્શન મોડ

# ઉત્તર ઝોનમાં દબાણો અને ગેરકાયદે પાર્કિંગ પર ત્રાટકી પોલીસ અને ટ્રાફિક બ્રિગેડ!

અમદાવાદ

અમદાવાદ શહેરને ટ્રાફિક મુક્ત અને દબાણમુક્ત બનાવવાના દાવા વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના એસ્ટેટ અને નગર વિકાસ ખાતાના ઉત્તર ઝોન દ્વારા એક મોટું અને આક્રમક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. નરોડા અને રખિયાલ વોર્ડ સહિતના ગીચ વિસ્તારોમાં રસ્તાઓ અને ફૂટપાથ પર કબજો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ તથા ગેરકાયદેસર પાર્કિંગ કરનારાઓ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. આ સઘન ઝુંબેશમાં શહેરકોટડા પોલીસ સ્ટેશન, E-ડિવિઝન ટ્રાફિક પોલીસ અને SRP ફોર્સના કાફલાને સાથે



રાખીને દબાણ હટાવો ઝુંબેશ ચલાવવામાં આવી હતી. શહેરકોટડા પોલીસ સ્ટેશનથી કાલુપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં. ૧૨ સુધીનો અત્યંત ગીચ માર્ગ. આંબેડકર હોલ, નરોડા ચાર રસ્તા, શારદાબેન સર્કલ અને પોટલિયા ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગો. આ તમામ વિસ્તારોમાંથી રોડ-રસ્તા અને ફૂટપાથ રોકીને ઉભા રહેલા દબાણોને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા હતા, જેનાથી વાહનચાલકો અને રાહદારીઓએ મોટી રાહત અનુભવી હતી. આ ઓપરેશન દરમિયાન કોર્પોરેશન દ્વારા કડક હાથે કાર્યવાહી કરીને કુલ ૧૯૦ જેટલો માલસામાન જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં: ૧૮ લારીઓ જપ્ત કરાઈ. ૨૮ જાહેરાતના હોર્ડિંગ્સ, બોર્ડ અને બેનરો ઉતારી લેવાયા. ૧૧૪ અન્ય પરચૂરણ માલસામાન કબજે કરવામાં આવ્યો. આ ઉપરાંત, જાહેર રસ્તા પર ટ્રાફિકને અડચણરૂપ રીતે ગેરકાયદેસર પાર્ક કરવામાં આવેલા ૧૮ વાહનોને લોક મારીને સ્થળ પર જ રૂ. ૧૩,૩૦૦નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. AMC એસ્ટેટ વિભાગના જણાવ્યા અનુસાર, શહેરના મુખ્ય રસ્તાઓ અને ફૂટપાથને દબાણમુક્ત રાખવા માટે આ આક્રમક ઝુંબેશ આવનારી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે. પરંતુ, સ્થાનિક જનતામાં સવાલ એ પણ ઊભો થઈ રહ્યો છે કે શું આ કાર્યવાહી માત્ર થોડા દિવસોની 'ઈવેન્ટ' બનીને રહી જશે કે પછી ખરેખર કાયમી ધોરણે રસ્તાઓ ખુલ્લા રહેશે?

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI